

૮૧ ✻ જન્મજયંતી–વિશેષાંક ✻ ૮૧

કહાન સં. ૧૪ સં. ૨૦૫૦ (૬૧૦) ✻ આત્મધર્મ ✻ (અંક–૨ વર્ષ–૫૧) વીર સં. ૨૫૨૦ ઓગસ્ટ, ૧૯૯૪

## 卐 આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો 卐

* સાધુ પુરુષનું ચિત્ત એક પાકો (શ્વેત) વાળ દેખવાથી જ શીઘ્ર વૈરાગ્ય પામી જાય છે. પરંતુ એનાથી વિપરીત અવિવેકી મનુષ્યની તૃષ્ણા પ્રતિદિન વૃદ્ધત્વ સાથે વધતી જાય છે અર્થાત્ જેમ જેમ તેની વૃદ્ધાવસ્થા વધતી જાય છે તેમ તેમ ઉત્તરોત્તર તેની તૃષ્ણા પણ વધતી જાય છે. ૩૮૨.

(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, અધિ.-૧, શ્લોક-૧૭૧)

* જે જીવ ખરેખર મોક્ષને અર્થે ઉદ્યમી ચિત્તવાળો વર્તતો થકો, અચિંત્ય સંયમતપભાર સંપ્રાપ્ત કર્યો હોવા છતાં પરમવૈરાગ્યભૂમિકાનું આરોહણ કરવામાં સમર્થ એવી પ્રભુશક્તિ ઉત્પન્ન કરી નહિ હોવાથી, 'પીંજણને ચોંટેલ રૂ'ના ન્યાયે નવ પદાર્થો તથા અર્હંતાદિની રુચિરૂપ (પ્રીતિરૂપ) પરસમયપ્રવૃત્તિનો પરિત્યાગ કરી શકતો નથી, તે જીવ ખરેખર સાક્ષાત્ મોક્ષને પ્રાપ્ત કરતો નથી પરંતુ દેવલોકાદિના ક્લેશની પ્રાપ્તિરૂપ પરંપરા વડે તેને પ્રાપ્ત કરે છે. ૩૮૩.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, પંચાસ્તિકાય-ટીકા, ગાથા-૧૭૦)

* જેમ શિકારીના ઉપદ્રવ વડે ભયભીત થયેલું સસલું અજગરના ખૂલ્લાં મોઢાને દર-બિલ જાણી પ્રવેશ કરે છે તેમ અજ્ઞાની જીવ ક્ષુધા, તૃષા, કામક્રોધાદિક તથા ઇન્દ્રિયના વિષયની તૃષ્ણાના આતાપ વડે સંતાપિત થઈને વિષયાદિકરૂપ અજગરના મુખમાં પ્રવેશ કરે છે; તેમાં પ્રવેશ કરીને પોતાના જ્ઞાન, દર્શન, સુખ, સત્તાદિક ભાવપ્રાણને નાશ કરી નિગોદમાં અચેતનતુલ્ય થઈને અનંતવાર જન્મ-મરણ કરતો થકો અનંતકાળ વ્યતીત કરે છે કે જ્યાં આત્મા અભાવતુલ્ય જ છે. ૩૮૪.

(શ્રી સમંતભદ્રાચાર્ય, રત્નકરંડશ્રાવકાચાર, ગાથા-૧૨૧, સદાસુખજીની ટીકા, પાનું-૬૦૯)

* મારું આયુષ્ય ઘણું લાંબુ છે, હાથ-પગ વગેરે બધાં અવયવો ખૂબ મજબૂત છે, આ લક્ષ્મી પણ મારા વશમાં છે તો પછી હું નકામો વ્યાકુળ શા માટે થાઉં? ઉત્તરકાળમાં જ્યારે વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થશે ત્યારે હું નિશ્ચિંત થઈને ખૂબ ધર્મ કરીશ. ખેદની વાત છે કે આ જાતનો વિચાર કરતાં કરતાં આ મૂર્ખ પ્રાણી કાળનો કોળિયો બની જાય છે. ૩૮૫.

(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, અધિ.-૧, શ્લોક-૧૭૦)

કહાન સંવત-૧૪
વર્ષ-૫૧
અંક-૨
[ ૬૧૦ ]




વીર સંવત ૨૫૨૦
સં. ૨૦૫૦
AUG.
A. D. 1994

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

---

પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના શ્રીમુખેથી

વિવિધ પ્રસંગે વહેલાં

# તત્ત્વબોધક વચનામૃત

### 卐 ચૈતન્યનો આશ્રય લેવો જોઈએ 卐

* પ્રથમ ભેદજ્ઞાનના અભ્યાસરૂપ દશા પ્રગટ થતાં સ્વાનુભૂતિ થાય છે. વિકલ્પનો આશ્રય નહિ પરંતુ ચૈતન્યનો આશ્રય લેવો જોઈએ. ચૈતન્યનો આધાર–અવલંબન લેવાથી વિકલ્પ છૂટી જાય છે. નિરાલંબન થવાથી વિકલ્પ છૂટી જાય છે. ચૈતન્યનો આધાર લેવાથી વિકલ્પ તૂટીને અંદરથી સ્વાનુભૂતિ થાય છે. ચૈતન્યના અવલંબનરૂપ, માત્ર ચૈતન્યમાં લીનતારૂપ, ચૈતન્ય તરફ ઝુકતી–એવી પરિણતિ કરવાથી તે પ્રગટ થાય છે. માત્ર વિચાર કર્યા કરવાથી નહિ, પરંતુ વિચાર કરી, તેનો પુરુષાર્થ કરીને અંદરમાં જે પરિણતિ પ્રગટ કરે તો તેમાંથી કોઈ અપૂર્વ દશાની પ્રાપ્તિ થાય છે. આ કરવા જેવું છે અને તે જ મુક્તિનો માર્ગ છે. ગુરુદેવે એ જ માર્ગ બતાવ્યો છે. ૧.

### 卐 બહારનું બધું દુઃખમય લાગે તો આત્માનો મહિમા આવે 卐

* જેને આત્માની જિજ્ઞાસા જાગે, પિપાસા લાગે, બહારનું બધું દુઃખમય લાગે તેને, જો તે અંતરમાં ખોજ કરે તો, આત્માનો મહિમા

આવે. જેને સંસારમાં તન્મયતા છે તેને આત્માનો મહિમા આવતો નથી. જેને બહારમાં દુઃખ લાગે તે વિચાર કરે કે—આ તો બધું દુઃખ છે. હું તો અંદર એવું કોઈ પ્રગટ અનુપમ તત્ત્વ છું કે જેમાં પરિપૂર્ણ સુખ છે. જેને જિજ્ઞાસા જાગે તે પોતાના આત્માનો ગુણવૈભવ જોવાનો પ્રયત્ન કરે, અને તો તેને તેનો મહિમા આવે. 'આત્માનો વૈભવ કેવો છે? કોણ બતાવે? કોને પ્રગટ થાય?'—એમ, જેને જિજ્ઞાસા હોય તે ખોજ કરે છે. ૨.

### 卐 ગુરુદેવના પ્રતાપે સ્વાનુભૂતિ સુલભ થઈ 卐

* ગુરુદેવે ચૈતન્યનો ડંકો વગાડી આખા ભારતને હલમલાવી દીધું, મુમુક્ષુઓનાં કાળજાં હલમલાવી તેમને અન્તર્દૃષ્ટિ કરવા પ્રેર્યા. ગુરુદેવ કહેતા: 'અનંત શક્તિથી ભરપૂર જે આ આત્મા તેને જે ગ્રહણ કરે તેને શુદ્ધિ અને શુદ્ધિની વૃદ્ધિ પ્રગટ થયા વિના રહે જ નહિ.' એક શુદ્ધાત્માને ગ્રહણ કર. ગુરુદેવ જેવા 'ગુરુ' મળ્યા અને ભગવાન જ્ઞાયકદેવ આંગણે પધાર્યા, પછી તો શુદ્ધ પર્યાય પ્રગટ કરવાની હોય ને? બીજું તો જીવને અનંત કાળમાં શું નથી મળ્યું? બધું મળી ચૂક્યું છે, બધું શ્રુત, પરિચિત ને અનુભૂત છે. એક ચૈતન્યના એકત્વની વાત સુલભ નથી. બીજું બધું સુલભ છે. જન્મ-મરણ કરતાં કરતાં વિભાવ સુલભ થઈ પડ્યો છે, ને 'એકત્વ' સ્વભાવ છે પોતાનો, તોપણ તે દુર્લભ થઈ પડ્યો છે. ગુરુદેવના પ્રતાપે સ્વભાવની વાર્તા ને સ્વભાવની અનુભૂતિ સુલભ થઈ છે. સ્વભાવની અનુભૂતિ કરવી તે પોતાના હાથની—પુરુષાર્થની વાત છે. ૩.

### 卐 પરમાત્મા પોતાની પાસે જ છે, પોતે જ છે 卐

* સ્વાનુભૂતિ તે જ મોક્ષમાર્ગ છે. જ્ઞાયકની અનુભૂતિની બીજ ઊગે તો અવશ્ય પૂનમ થાય જ. ગુરુદેવના પ્રતાપે ચારે બાજુ 'અનુભૂતિ કરો, અનુભૂતિ કરો' એમ થઈ ગયું છે. પહેલાં તો બધાં ક્રિયાકાંડમાં પડ્યા હતા; અત્યારે આવા વિષમ કાળે આવા ગુરુ મળ્યા ને તેમણે બાહ્યક્રિયા નહિ પણ અંતર અનુભૂતિની ક્રિયાનું રહસ્ય બતાવ્યું. જીવ અનંત કાળમાં બધું કરી ચૂક્યો છે—ત્યાગ કર્યો, અથાગ વૈરાગ્ય લહ્યો,

પણ મુક્તિનો માર્ગ ન મળ્યો તો અંતરનો માર્ગ મેળવવા અંતરમાં જ્ઞાયકની સમીપતા કર. જ્ઞાતાધારાની ઉગ્રતા કર, દ્રવ્યદૃષ્ટિ પ્રગટ કર. એક વાર વિભાવને પીઠ દીધી તે દીધી. વિભાવને શ્રદ્ધામાં પૂરેપૂરી તિલાંજલિ દઈ દ્રવ્યનું પૂરેપૂરું જોર લાવ. થોડી પણ કચાશ હશે તો અંદર નિર્વિકલ્પતા પ્રગટ નહિ થાય. વિભાવ અંદર જરાય પાલવે એવો નથી. વિભાવ સાથે અંશ પણ એકત્વ તને અંદર જતાં રોકશે, તારા નયનની આળશે તું રોકાયો છે. હરિ અર્થાત્ પરમાત્મા પોતાની પાસે જ છે. પોતે જ છે. જ્ઞાન ને આનંદથી ભરેલો ચૈતન્યદેવ અખૂટ ભંડાર છે. રત્નોથી ભરેલો પર્વત છે, અનુપમ છે; તારે જે જોઈતું હશે તે બધું એમાંથી જ મળશે. જ્ઞાન પણ એમાંથી ને આનંદ પણ એમાંથી જ પ્રગટશે. તે જ્ઞાનાદિ બહાર આવશે તો તને પોતાને આશ્ચર્ય થશે—અહો, આવું જ્ઞાન! આવો આનંદ! ૪.

### 卐 હું જ્ઞાયક છું—એમ અસ્તિત્વને ગ્રહણ કર 卐

* દ્રવ્યદૃષ્ટિ કરીને સમ્યક્ પર્યાય પ્રગટ થઈ તો પૂર્ણ શુદ્ધતા પ્રગટયે જ છૂટકો. શુદ્ધતાનો સાગર અંદરથી એકદમ ઊછળશે. દરેક ગુણ સાગરની માફક ઊછળશે. એક અંશ અનંતુ લઈને આવે, પછી આગળ વધતાં મુનિદશા, ને એમ કરતાં કરતાં કેવળજ્ઞાન;... ત્યાં તો અનંત અનંત ગુણો શુદ્ધતાથી ભરેલા ઊછળશે. મુનિદશામાં તો અનંતુ પ્રગટે પણ કેવળજ્ઞાન થતાં તો એનાથી અનંત-અનંતગણું ઊછળશે; કારણ કે એ વીતરાગદશા છે. વીતરાગદશા થયા પછી શુદ્ધતા પૂરેપૂરી ઊછળશે. માટે, નિરંતર શુદ્ધતાથી ભરેલો હું જ્ઞાયક છું, શુભાશુભ ભાવરૂપ હું નથી, જ્ઞાન ને આનંદાદિ અનંત ગુણોથી ભરેલો હું ભગવાન છું—એવા વિકલ્પોને નહિ પણ જાણનારના મૂળ અસ્તિત્વને ગ્રહણ કર, દ્રવ્યને ગ્રહણ કર, એમાં બધું આવી જશે. ૫.

### 卐 મારે કાંઈ જોઈતું નથી, હું તો જ્ઞાયક જ છું 卐

* સમયસારમાં આવે છે: જ્ઞાન મનને આનંદરૂપ કરતું પ્રગટ થાય છે. તેને રમવાનું સ્થાન—ક્રીડાવન તો આત્મા જ છે. અનંતા જ્ઞેયો ઝળકે તોપણ જ્ઞાન તો પોતાના સ્વરૂપમાં જ રહે છે. આત્મા અનંત

કાળથી જ્ઞેયો પ્રત્યે એકત્વબુદ્ધિ કરતો હતો, જે જે જ્ઞેય જણાય તેની સાથે તન્મય થઈને અનંતા કર્મો બાંધતો હતો, ભ્રમને લીધે કોઈ જ્ઞેય સારું ને કોઈ જ્ઞેય ખરાબ એમ ઈષ્ટાનિષ્ટબુદ્ધિ કરી આકુળતા ને ખેદ કરતો હતો. હવે જ્યારે તેને જ્ઞાનમય પરિણમન થયું ત્યારે અનિચ્છક ભાવરૂપ પરિણમવા લાગ્યો. આ પરજ્ઞેય મારું સ્વરૂપ નથી, મારે તે કાંઈ જોઈતું જ નથી–એમ જ્ઞેય–પરપદાર્થ પ્રત્યે રાગ–દ્વેષ કરતો નથી. મારા આત્મામાં અનંતી રિદ્ધિ–સિદ્ધિઓ ભરી પડી છે અને મનને આનંદરૂપ કરતો અદ્ભુત જ્ઞાનપ્રકાશ મને અંતરમાં પ્રગટ થયો છે, તેથી મારી બધી ઇચ્છાઓ તૂટી ગઈ છે, મારે કાંઈ જોઈતું નથી, હું તો જ્ઞાયક જ છું એમ નિસ્પૃહપણે પરિણમે છે. ૬.

## 卐 આત્માર્થી જ્ઞાતાના ગ્રહણનો અભ્યાસ કરે 卐

* આત્મકલ્યાણ કરી લેવાની ભાવનાવાળો આત્માર્થી જીવ દૃઢ તત્ત્વ-નિર્ણયપૂર્વક સ્વ–પરના ભેદનો અથવા જ્ઞાતાના ગ્રહણનો અભ્યાસ કરીને, તે અભ્યાસની ઉગ્રતા વડે, વિકલ્પ તૂટતાં, આનંદઝરતી નિર્વિકલ્પ સ્વાનુભૂતિને અવશ્ય પ્રાપ્ત કરી લે છે. તેના માટે આત્માર્થીએ એવો પ્રયાસ કરવા જેવો છે. એવો પ્રયત્ન કરનાર, આત્મકલ્યાણની લગનીવાળા આત્માર્થી જીવને વિભાવમાં બિલકુલ શાંતિ લાગતી નથી, શાંતિ એક માત્ર આત્મામાં જ ભાસે છે—એક માત્ર આત્મામાં જ તેને સર્વસ્વ લાગે છે. જો આત્મામાં જ શાંતિ લાગે, સર્વસ્વ લાગે, તો જ તેનો ઉગ્ર પ્રયત્ન થાય. ૭.

## 卐 હતાશ ન થા 卐

* અનાદિથી અપરિચિત એવા તે એક જ્ઞાયકભાવને પણ મારાથી કઈ રીતે પહોંચી શકાશે ? એવા ઢીલા વિચાર ન કર. ભલે અનાદિથી અપરિચિત હોય, પણ તે એક જ્ઞાયકભાવ છે તો તારો પોતાનો સ્વભાવ ને ? માટે તે સરળ છે, સુગમ છે. અનંત કાળથી તેનું લક્ષ કર્યું નથી તેથી દુષ્કર લાગે છે, દુષ્કર છે નહિ.

હતાશ ન થા, તું આત્મસિંહ છો. ગુરુદેવ પુરુષાર્થી જીવનું કેવું વર્ણન કરતા હતાં !—

'જે દિશે સિંહ સંચરે, રજું લાગી તરણાં;
તે ખડ ઊભાં સૂકશે, નહિ ચાવે તેને હરણાં.'

—તું તે પુરુષાર્થી સિંહની જાતનો છો. અરે! તું ભગવાન છો. માટે પ્રયત્ન કર. જરૂર સાધ્યસિદ્ધિ થશે.

આ કાંઈ માથા પર બોજો થઈ જાય એવું નથી.

અહા! કેવો સુંદર માર્ગ!
કેવો ચૈતન્યનો માર્ગ!
કેવો ભગવાનનો માગ!
ગુરુદેવે કેવો માર્ગ બતાવ્યો! ૮.

### 卐 જ્ઞાયકને ઓળખવો 卐

* જ્ઞાયકને ઓળખવો, તેની મહિમા કરવી, તેનો અભ્યાસ કરવો અને તેમાં લીનતા કરવી. તે કરવાથી ચૈતન્ય પ્રગટ થયા પછી—ચૈતન્યની અદ્‌ભુત દશા પછી—ભેદજ્ઞાનની ધારા સહજ વર્તે છે. તેને ગમે તે કાર્યમાં —વિકલ્પમાં આવ્યો હોય તોપણ-જ્ઞાતાધારા છૂટતી નથી. જાગતાં, સૂતાં, સપનામાં, ખાતાં—પીતાં તેને જ્ઞાયકની ધારા છૂટતી નથી, અને નિર્વિકલ્પદશા તરફ તેની પરિણતિ, તેની દશા પ્રમાણે, સહજ રહે છે. મુનિઓની દશા તો વારંવાર તેમાં જાય છે. એવું ચૈતન્યનું સ્વરૂપ, એવી ચૈતન્ય તરફની દિશા, જગતથી તેની કોઈ જુદી જ દુનિયા! ચૈતન્યની દુનિયા! તે જ પ્રગટ કરવા જેવી છે; તે જ જીવનનું કર્તવ્ય છે, તે જ ગુરુદેવે બતાવ્યું છે. આ ભરતક્ષેત્રની અંદર આ વાત કોઈ જાણતું ન હતું; બધાં ક્રિયાકાંડમાં પડેલા હતા. શુભભાવના કારણરૂપ ક્રિયા અને શુભભાવથી ધર્મ થાય—એમ માનનારા હતા. ૯.

### 卐 પુરુષાર્થ કરવાનો તો પોતાને છે 卐

* ગુરુદેવનો તો પરમ ઉપકાર છે. પર ને વિભાવ સાથેની એકત્વબુદ્ધિ તોડીને અંદર ચૈતન્ય તરફ સન્મુખતા કરી તેની સાથે એકત્વ કરે તો વસ્તુસ્વરૂપ યથાર્થ સમજાય. એકત્વ માટે તેનો નિરંતર અભ્યાસ, લગની અને વારંવાર પ્રયત્ન કરવો જોઈએ. ગુરુદેવે તો ચારે પડખેથી માર્ગ

બતાવ્યો છે—એટલો ચોખ્ખો કરીને બતાવ્યો છે કે ક્યાંય ભૂલ રહી ન જાય; પણ પુરુષાર્થ કરવાનો તો પોતાને છે. ૧૦.

### 卐 હું જ્ઞાયક છું 卐

* હું જ્ઞાયક છું, જ્ઞાયક છું—એમ જ્ઞાતાપણાની ધારાનો અભ્યાસ કરવો. યથાર્થ તો પછી થાય છે પણ પહેલાં એનો અભ્યાસ થાય છે. એનો અભ્યાસ વારંવાર કરે તો તે પ્રગટ થયા વિના રહે નહિ. કરવાનું એ એક જ છે. અનાદિ કાળમાં જીવે એક સમ્યગ્દર્શન કર્યું નથી, બહારનું બીજું બધું કર્યું છે. અહા! સમ્યગ્દર્શન એ કોઈ અપૂર્વ ચીજ છે. ૧૧.

### 卐 આત્મામાં ને પરમાત્મામાં ભેદ ન કર 卐

* જિનપ્રતિમાનાં દર્શન કરતાં 'હું ભગવાનસદૃશ જ છું' એવી ભાવના આવે, આત્મા ને પરમાત્મામાં ભેદ ન રહે, તો નિદ્ધત અને નિકાચિત કર્મ પણ તૂટી જાય છે, પણ વિના સમજે નહિ. આ તો અંતરંગ સમજપૂર્વકની વાત છે. ૧૨.

### 卐 ચૈતન્યમાં વિશ્વાસ કર 卐

* પહેલાંમાં પહેલાં ચૈતન્યને ઓળખવો, ચૈતન્યમાં જ વિશ્વાસ કરવો અને પછી ચૈતન્યમાં જ ઠરવું...તો ચૈતન્ય પ્રગટે, તેની શક્તિ પ્રગટે. પ્રગટ કરવામાં પોતાની તૈયારી–ઉગ્ર પુરુષાર્થ વારંવાર કરે, જ્ઞાયકનો જ અભ્યાસ, જ્ઞાયકનું મંથન, તેનું જ ચિંતવન કરે તો પ્રગટ થાય.

પૂજ્ય ગુરુદેવે માર્ગ બતાવ્યો છે, ચારે પડખેથી સ્પષ્ટ કર્યું છે. ૧૩.

### 卐 જ્ઞાયકનો આશ્રય કર 卐

* સંક્ષેપમાં, કરવાનું તો એક જ છે—જ્ઞાયકતત્ત્વનો આશ્રય. પૂજ્ય ગુરુદેવે એ જ બતાવ્યું છે. તે જ સારભૂત છે. બાકી બધું નિઃસાર છે. જ્ઞાયકતત્ત્વ કહો, શુદ્ધાત્મદ્રવ્ય કહો, પરમ પારિણામિકભાવ કહો—બધું એક છે. તેનો જ આશ્રય—તેની જ દૃષ્ટિ–જ્ઞાન–રમણતા કરવા જેવી છે. તેનાથી જ સ્વાનુભૂતિથી મુક્તિ સુધીની બધી શુદ્ધપર્યાયો પ્રગટે છે અને શાશ્વત પૂર્ણાનંદની પ્રાપ્તિ થાય છે.

સમ્યક્ માર્ગદર્શક કૃપાળુ ગુરુદેવનો અપાર ઉપકાર છે. ૧૪.

## 卐 રાત-દિન આત્માની લગની લગાવ 卐

* રાત ને દિવસ તેની (-આત્માની) ધગશ લાગે, તેની લગની લાગે, તો ભેદજ્ઞાનની ધારા અંદર ચાલે—હું જ્ઞાયક છું, હું જ્ઞાયક છું, વિભાવથી જુદો ને જુદો હું જ્ઞાયક છું. ગોખવા પૂરતું નહિ પણ સ્વભાવને ઓળખીને અંદર ચૈતન્ય ઉપર દૃષ્ટિ કરે, તેનું જ્ઞાન કરે ને તેમાં લીનતા કરે, તો નિર્વિકલ્પ સ્વાનુભૂતિ થાય. તે માર્ગ બધો પૂજ્ય ગુરુદેવે ખુલ્લો કર્યો છે. ૧૫.

## 卐 જ્ઞાયકનો મહિમા કર 卐

* જ્યાં સુધી અનુભૂતિ ન થાય ત્યાં સુધી જ્ઞાયકની શ્રદ્ધા કરે, મહિમા લાવે તોપણ સારું છે. અનુભૂતિની ભાવના કર. અનુભૂતિ થઈ જાય તે તો ઘણું સુંદર છે, પણ તેના કાંઠે આવી જાય તે પણ સારું છે. તેની સમીપતા થઈ જાય તે પણ રૂડું છે. વિભાવ ને સંયોગોની સમીપતા છોડીને, જ્ઞાયકની સમીપતા થઈ જાય તોપણ સારું છે. જ્ઞાયકની સાક્ષાત્ અનુભૂતિ તો લોકોત્તર ચીજ છે. ૧૬.

## 卐 જીવનમાં તે જ કરવા જેવું છે 卐

* સમયસારમાં બધો—આખો માર્ગ આવી ગયો. આત્મા પરદ્રવ્યનો કર્તા નથી, એક દ્રવ્યની બે ક્રિયા નથી. બે દ્રવ્યની એક ક્રિયા નથી. ગુરુદેવે આ વારંવાર સ્પષ્ટ કરીને બતાવ્યું છે, બે દ્રવ્યોની સ્વતંત્રતા બતાવી છે. બીજાનું કાંઈ કરી શકતો નથી, તેથી કર્તાબુદ્ધિ છોડી દે અને જેનાથી—જેનો આશ્રય કરવાથી—અનેક જાતની શુદ્ધ પર્યાય પ્રગટ થાય એવા નિજ શુદ્ધ આત્માને ગ્રહણ કર. તેને ગ્રહણ કરવાથી શરૂઆતથી માંડીને પૂર્ણતા સુધીની અનેક જાતની નવીન શુદ્ધ પર્યાય પ્રગટ થાય, ને તે કરવા જેવું છે; તેમાં તને સુખ થશે—આનંદ થશે, તૃપ્તિ થશે. તેમાં જ સુખ માન—આનંદ માન, બસ ! તેમાં જ તૃપ્તિ થઈ જશે; પછી ક્યાંય બહાર જવાનું મન નહિ થાય. વિકલ્પ તૂટીને એવી તૃપ્તિ આવશે કે બહારનું તારું ઊડી જશે. માટે તેને—નિજ શુદ્ધ આત્માને—ગ્રહણ કર. દેવ-શાસ્ત્ર-ગુરુને ને જ્ઞાયકને હૃદયમાં રાખ; અંદર ચૈતન્યની ધારા પ્રગટ કર; જીવનમાં તે જ કરવા જેવું છે. ૧૭.

### 卐 સ્વાનુભૂતિ જ મુક્તિનો માર્ગ છે 卐

* પાણી સ્વભાવે નિર્મળ હોવા છતાં પણ કાદવના સંયોગે મલિન દેખાય છે, તોપણ તેનો સ્વભાવ તો નિર્મળ જ છે. તેવી રીતે ચૈતન્યનો સ્વભાવ નિર્મળ અને જ્ઞાન તેમ જ આનંદથી પરિપૂર્ણ છે; પરંતુ જીવની દૃષ્ટિ બહારમાં હોવાથી તે, મલિનતા તેમ જ દુઃખનો અનુભવ કરે છે. જો ચૈતન્ય તરફ દૃષ્ટિ કરે, ચૈતન્યને ઓળખે, તેના ઊંડાણમાં જઈને તેનો સ્વભાવ સમજે તો તેમાંથી નિર્મળતા, શીતળતા અને આનંદ પ્રગટ થાય છે. ચૈતન્યદ્રવ્ય અનંત અનંત શક્તિઓથી ભરેલું છે. તેમાં અનંત ગુણો ભરેલા છે. ચૈતન્ય કોઈ અનુપમ તત્ત્વ છે. તે તરફ દૃષ્ટિ કરવાથી, તેમાં લીનતા કરવાથી આ વિકલ્પો તૂટીને જે સ્વાનુભૂતિ થાય છે તે સ્વાનુભૂતિ જ મુક્તિનો માર્ગ છે. ૧૮.

### 卐 પ્રજ્ઞાછીણી વડે રાગાદિની ભિન્નતા કર 卐

* પુરુષાર્થ કરવાની કળ અંદર સૂઝી જાય તો માર્ગ મળ્યે જ છૂટકો. કળ એટલે પોતાનો જે સ્વભાવ છે તેને ઓળખીને અંતરમાં પોતે પોતાને ગ્રહણ કરવો તે. પોતે જ પોતાને પકડી શકે, બીજો કોણ પકડાવે ? અનેક જાતની વિભાવપર્યાયો વચ્ચે રહેનારો આત્મા શાશ્વત છે, તેને સૂક્ષ્મ થઈને જો. શાસ્ત્રમાં આવે છે ને કે—પ્રજ્ઞાછીણી વડે પોતે પોતાને પરથી ને રાગાદિથી જુદો પાડે. પોતે સૂક્ષ્મ દૃષ્ટિ કરે, પોતે પોતાની પરિણતિને પોતા તરફ દોડાવે. એવું કોઈ જ્ઞાન ને વિરક્તિ પ્રગટ થાય કે જેથી પોતે પોતાને ગ્રહણ કરે, એવી જાતની દૃષ્ટિ, એવી જાતનું જ્ઞાન અને એવી જાતની વિરક્તિ પ્રગટ કરે કે જેથી પરિણતિનો વેગ પોતા તરફ વળીને પોતે પોતાને ગ્રહણ કરે. કળ પોતે જ પોતાને અંદરથી સુઝાડી શકે એમ છે. ગુરુદેવે જે માર્ગ બતાવ્યો છે તે માર્ગે ચાલવાથી અંદર જ્ઞાન ને આનંદ વગેરે બધું પ્રગટ થાય છે. ૧૯.

### 卐 હું પૂર્ણ જ છું—એમ પ્રતીતિ કર 卐

* આત્મા શક્તિએ પૂર્ણ ભગવાન છે. શક્તિએ જે પૂર્ણ હોય એમાંથી જ પર્યાયમાં પૂર્ણતા પ્રગટે. જો સ્વભાવ પૂર્ણ ન હોય તો

પર્યાયમાં પૂર્ણતા આવે ક્યાંથી? દ્રવ્યનું મૂળ શાશ્વત સ્વરૂપ એવું છે કે જેને કોઈ હીનાધિક કરી શકતું નથી. કોઈ પરદ્રવ્ય તેને હાનિ, ઘસારો કે વિઘ્ન કરી શકતું નથી; તેના સ્વભાવને કોઈ ખંડિત કરી શકતું નથી. એનું નામ જ સ્વતઃસિદ્ધ દ્રવ્યસ્વભાવ કહેવાય. તે સ્વતઃસિદ્ધ પૂર્ણ દ્રવ્યસ્વભાવ ભલે દેખાતો નથી, પણ એમાં પૂર્ણતા છે તો જ પર્યાયમાં પૂર્ણ પ્રગટે છે. જેમાં છે તેમાંથી જ પ્રગટે છે. પૂર્ણ કેવળજ્ઞાન પ્રગટ થાય તે પૂર્ણ સ્વભાવમાંથી જ થાય છે. પૂર્ણ હોય તો જ એમાંથી પૂર્ણતા આવે છે. માટે સ્વભાવ ઓળખીને પ્રતીતિ કરવી કે 'હું પૂર્ણ જ છું.' પોતાની પૂર્ણ શક્તિનો ખ્યાલ બરાબર આવી શકે છે. અપૂર્ણતા હોય તેમાંથી પૂર્ણતા ન આવે, પૂર્ણતામાંથી જ પૂર્ણતા આવે. મૂળ તત્ત્વ પરિપૂર્ણ છે. કેવળજ્ઞાનપર્યાય ભલે વ્યક્તિરૂપે પૂર્ણ પ્રગટ થાય, પણ શક્તિરૂપે–સ્વભાવે–તો અંદર દ્રવ્ય જ પરિપૂર્ણ બિરાજમાન છે. તારી દૃષ્ટિ પૂર્ણ સ્વભાવ પર કર તો એમાં પર્યાયમાં પૂર્ણતા પ્રગટ થશે. ૨૦.

### 卐 દ્રવ્યદૃષ્ટિનો દોર મુખ્ય રાખજે 卐

* જેમ દરિયો અંદરથી ઊછળે તો તે પાણીને કોણ રોકી શકે? બહારનાં પાણી ભેગાં કરતાં દરિયો ન ભરાય; અંદરથી દરિયો જે ઊછળે તે ઊછાળો જુદો જ હોય; તેમ ધારણાજ્ઞાનથી પાર ન આવે, બહારનો ક્ષયોપશમ ગમે તેટલો ભેગો કરે, પણ તે કામ ન આવે માટે તું અંદરમાં ભેદજ્ઞાનનો સમ્યક્ પ્રયાસ કર. એક દ્રવ્યદૃષ્ટિનો દોર મુખ્ય રાખજે એક દ્રવ્યને ગ્રહણ કર્યા પછી દ્રવ્ય તારી સાથે જ રહેવાનું છે, તું પોતે જ દ્રવ્ય છો. ૨૧.

### 卐 જ્ઞેયોનું જ્ઞાન તે તો આત્માનો સહજ સ્વભાવ છે 卐

* હજુ ચોથા ગુણસ્થાનમાં હોય, છતાં જ્ઞાનીને એવા નિઃસ્પૃહ પરિણામ વર્તતા હોય છે કે દૃષ્ટિ–અપેક્ષાએ હું મનથી, વચનથી કે કાયાથી રાગનો કર્તા, કારયિતા કે અનુમંતા નથી એમ નવ નવ કોટિએ મેં વિભાવને તિલાંજલિ આપી છે. મારી દૃષ્ટિ પરપદાર્થથી વિરામ પામી ગઈ છે, ભલે હજી અસ્થિરતા ઊભી છે. નવ નવ કોટિએ ત્યાગ તો ચારિત્ર પ્રગટે ત્યારે થાય છે, પણ આ તો દૃષ્ટિ–અપેક્ષાએ અંતરના જોરની વાત

છે. જ્ઞાનીની દૃષ્ટિ પરદ્રવ્ય ઉપરથી ઊઠી ગઈ છે, જ્ઞેયોનું જ્ઞાન તે તો આત્માનો સહજ સ્વભાવ છે, પણ જ્ઞેયોને તન્મયપણે ગ્રહણ કરવાની બુદ્ધિ ખસી ગઈ છે. આત્માને રમવાનું નંદનવન તો નિજ આત્મા જ છે, તે એને રમવા માટે મળી ગયું છે. ૨૨.

### 卐 હું તો મારા આત્મામાં જ રહેનારો છું 卐

* જ્ઞાયકનું સહજ સ્વરૂપ જ એવું છે કે જેમ જેમ પર તરફનો ઝુકાવ છોડી અંતરમાં વિજ્ઞાનઘન થતો જાય છે તેમ તેમ જ્ઞાન નિર્મળ થતું જાય છે, અને કોઈને અંદર જ્ઞાનની ઋદ્ધિઓ પ્રગટતાં બાહ્ય જ્ઞાન પણ વધતું જાય છે; પણ જ્ઞાની કહે છે: જ્ઞેયો જણાય તો ભલે જણાય પણ હવે હું તેમની સાથે એકત્વબુદ્ધિ કરવાનો નથી. હું તો મારા આત્મામાં જ રહેનારો છું, મારું નિવાસસ્થાન જે મારો આત્મા તેને છોડીને હવે હું ક્યાંય બહાર જવાનો નથી. કોઈ કોઈ સાધકને આગળ વધતાં વધતાં અનેક જાતની મતિ–શ્રુતની લબ્ધિઓ પ્રગટે, અવધિ ને મનઃપર્યયજ્ઞાન પ્રગટે, કેવળજ્ઞાનમાં તો લોકાલોક ઝળકે, છતાં આત્મા તો આત્મામાં જ રહે છે. ૨૩.

### 卐 જ્ઞાયકની અદ્‌ભુતતા ગ્રહણ કર 卐

* જ્ઞાયક આખો અદ્‌ભુત મહિમાથી ભરેલો છે. તેમનામાં અદ્‌ભુતતા ભરેલી છે. બીજી બધી અદ્‌ભુતતા છોડીને એક જ્ઞાયકની અદ્‌ભુતતા ગ્રહણ કર. તે જ જીવનની સફળતા છે અને તે જ કરવા જેવું છે. બાકી બધું તેની આગળ તુચ્છ છે. વિશેષતા ચૈતન્યદ્રવ્યની જ છે. સાધકને દેવ–શાસ્ત્ર–ગુરુ સંબંધી શુભભાવ અને ચૈતન્ય આત્મા સંબંધી 'હું શુદ્ધ છું, અશુદ્ધ છું, જ્ઞાન છું, દર્શન છું, ચારિત્ર છું'—એ બધાં વિકલ્પ વચમાં આવે, છતાં નિર્વિકલ્પદશા આવે ત્યારે વિકલ્પ પણ છૂટી જાય છે, એકલી નિર્વિકલ્પદશા પ્રગટ થાય છે. તે નિર્વિકલ્પદશા વખતે પોતાની તે જાતની પરિણતિ દોડતી પ્રગટ થાય છે, તેમાં પરનો કોઈ આશ્રય હોતો નથી. પોતાની સહજ પરિણતિની દશા પ્રગટ થઈ છે. એ સહજ-સ્વરૂપ આત્મા, તેનું સહજ જ્ઞાન, તેનું સહજ દર્શન ને તેની સહજ ચારિત્રપરિણતિ સહજ દશાએ પ્રાપ્ત થાય છે. તેની દોડ જ તે તરફ

થઈ જાય છે. તેને ચૈતન્ય વગર ચેન પડતું નથી, તેથી તેની તરફ જ તેની દોડ થઈ જાય છે. તે જ જીવનનું કર્તવ્ય છે. ૨૪.

### 卐 હું જ્ઞાતા જ છું 卐

* અનેક જાતના પુણ્યના ઠાઠ, પાપનાં સ્થાનો, સમાધિસુખને પામેલા કેવળજ્ઞાનીઓ, કૃતકૃત્ય સિદ્ધભગવંતો આદિ બધું જ્ઞાનમાં જણાય પણ મને કોઈનું આશ્ચર્ય નથી, જે જે ભાવ જાણવામાં આવે તેનો હું જ્ઞાતા જ છું, જ્ઞાયકસ્વભાવને ઊર્ધ્વ રાખીને જ્ઞેયોને જાણું છું, જ્ઞાયકના અસ્તિત્વને ગ્રહણ કરીને, જ્ઞાયકના જ્ઞાયકરૂપ પરિણમનને હાજર રાખીને માત્ર જાણું છું. 'આ જ્ઞાયકરૂપે રહેલો તે જ હું છું' એમ મને સાધકને વિભાવ હોવા છતાં વિભાવનું ભેદજ્ઞાન વર્તે છે. સાધકદશા હોવાથી, આ વિભાવભાવનો મારામાં ઉદ્‌ભવ થવા છતાં પણ, તે મારો સ્વભાવ નથી. જ્ઞાયકમય પરિણમન હોવાથી અમુક અંશે શાંતિ વેદાય છે તેનો પણ જ્ઞાતા છું અને અમુક અંશે આકુળતા છે તેનો પણ જ્ઞાતા છું. ૨૫.

### 卐 સુખ આત્મામાં જ ભરેલું છે 卐

* અનાદિ કાળથી જીવ પોતે બહાર ભટકી રહ્યો છે. બહારથી સુખ મળે છે, બધુંય બહારથી મળે છે એમ માની-માનીને બહારમાં ભટકે છે. પરંતુ સુખ તો આત્મામાં જ ભરેલું છે. જ્ઞાન પણ આત્મામાં છે. એવા અનંત ગુણો આત્મામાં છે કે જેમની પર્યાયો અનંત કાળ સુધી તેમાં પરિણમ્યા કરે તોપણ તે અનંત અગાધતાથી ભરપૂર સમુદ્ર પરિપૂર્ણ-નિયત રહે છે. આ આત્મા એક સ્વતઃ-સિદ્ધ સહજ વસ્તુ છે; તેથી તેનો સ્વભાવ અનંત અનંતતાથી ભરપૂર છે. તેમાં અનંત શક્તિવાળા અનંત ગુણો છે. દરેક ગુણની અનંત શક્તિ, તેમાં અનંત કાળ સુધી પરિણમન થતું રહે તોપણ, પરિપૂર્ણ નિયત રહે છે. ૨૬.

### 卐 તારા ઘરમાં જા 卐

* ચૈતન્યદ્રવ્ય મિથ્યાત્વને લઈને વિપરીત પરિણમ્યું છે, પણ સ્વભાવે દર્શન-જ્ઞાન-સંયમની મૂર્તિ છે; તે પોતાનું આચરણ છોડીને વસ્તુતઃ પરમાં ગયું નથી, સંયમમય એનો સ્વભાવ છે. પર્યાયમાં ઊંધું થઈ ગયું છે તોપણ તે છે તો જ્ઞાનમૂર્તિ, દર્શનમૂર્તિ, સંયમમૂર્તિ. જ્યાં વિકલ્પોની

આકુળતા નથી એવું નિરાકુળ આનંદમૂર્તિ ચૈતન્ય—જ્ઞાનની મુદ્રા, સંયમની મુદ્રા, આનંદની મુદ્રા એવી આશ્ચર્યકારી અનુપમ મુદ્રાવાળું ચૈતન્ય—અનંત કાળથી બહારમાં અટવાઈ ગયેલ છે. ગુરુદેવ કહેતા હતા : ભાઈ! તું પાછો વળ, પાછો વળ, તારા ઘરમાં જા, તારા ઘરમાં જા. તારા ઘરમાં જ બધી રિદ્ધિસિદ્ધિ ભરેલી છે. બહારમાં ક્યાં ગોતે છે? જ્યાં અનંતા ગુણોથી ભરપૂર ચૈતન્યપ્રભુનો દરબાર છે ત્યાં—તારા ઘરમાં—જા ને. તે ગુણમૂર્તિ ચૈતન્યપ્રભુને જે ઓળખે તે ધન્ય છે. ૨૭.

### 卐 નિર્વિકલ્પતત્ત્વને ઓળખ 卐

* આ શરીર આત્માનું નથી; તે જડ છે—પરદ્રવ્ય છે, ચૈતન્યનું સ્વરૂપ નથી; તોપણ (અજ્ઞાની) પર્યાયમાં તેને પોતાનું માની રહ્યો છે. વિભાવને પોતાના માની રહ્યો છે. શુભભાવ મારો—પૂજા કરું, ભક્તિ કરું, સ્વાધ્યાય કરું, મનન કરું,—એમ તેમને એકાકારપણે પોતાનાં માની રહ્યો છે, પણ તે તો શુભરાગ છે; તેનાથી તો પુણ્યબંધ થાય છે. તારો ભગવાન આત્મા તો તેનાથી પણ ન્યારો ને ન્યારો જ છે. ન્યારા આત્માને ઓળખ! નિર્વિકલ્પતત્ત્વને ઓળખ! તે કરવા જેવું છે, તેનાથી ભવનો અભાવ થશે. ૨૮.

### 卐 અંતરમાં જોવાનો પ્રયત્ન કર 卐

* અંતરમાં જોવાનો પ્રયત્ન કરે તો અંદરથી બધું પ્રગટે. જેને જિજ્ઞાસા હોય તે અંતરમાં ગયા વગર રહે જ નહિ. આ શરીરાદિ બાહ્ય વસ્તુ છે; વિભાવપર્યાય પણ પોતાનો સ્વભાવ નથી. અંતરમાં એક ચૈતન્યદ્રવ્ય શાશ્વત છે, જેમાં શાશ્વત સુખ છે. જેમાં સુખ હોય એમાંથી જ તે પ્રગટ થાય છે. સુખ વગેરે અંદર તત્ત્વમાંથી જ આવે છે, બહારથી કાંઈ આવતું નથી. આનંદગુણ આત્માનો છે, તેથી આત્મા પર દૃષ્ટિ કરવાથી તે પ્રગટ થાય છે. જે જેમાં હોય તે તેમાંથી જ આવે છે, બહારથી કાંઈ આવતું નથી. જેનો જે સ્વભાવ હોય તે, એમાં જ પરિણમન કરવાથી, એમાં જવાથી, પ્રગટ થાય છે. માટે અંતરમાં જઈ શુદ્ધાત્માને ઓળખવાનો ને એને પ્રગટ કરવાનો પ્રયત્ન કરવો. તેની દૃષ્ટિ, જ્ઞાન ને તે બાજુ લીનતા કરવાથી તે પ્રગટ થાય છે. ૨૯.

## 卐 આશ્ચર્યકારી ચૈતન્યતત્ત્વને ઓળખ 卐

* આત્મામાં જ્ઞાન, આનંદ આદિ અનંતા ગુણો ભરેલાં છે. તે જગતથી જુદું, અનુપમ ને આશ્ચર્યકારી તત્ત્વ છે. એને ઓળખીને સ્વાનુભૂતિ કરવી તે જ મુક્તિનો મારગ છે. ક્ષણિક પર્યાયો છે તેમાં પણ અટકવા જેવું નથી. અનાદિ-અનંત શાશ્વત ચૈતન્યદ્રવ્ય કે જે પારિણામિકભાવ સ્વરૂપ છે તેને ઓળખીને, તેના ઉપર દૃષ્ટિ દઈને અને બીજા બધા ઉપરથી દૃષ્ટિ ઉઠાવીને અંતરદૃષ્ટિ પ્રગટ કરવી આત્માની. ચૈતન્ય....ચૈતન્ય....ચૈતન્ય તરફ જવું, પરિણતિને તેના તરફ લેવી, મતિ અને શ્રુતનો ઉપયોગ જે બહાર જાય છે તેને અંતરમાં લાવવો; તે જ કરવાનું છે. આત્મા તરફ પરિણતિને દોડાવવી; વારંવાર એ જ કરવાનું છે. એમ કરતાં વચ્ચે શુભભાવ આવે ખરા, પણ એ તો પુણ્યબંધનું કારણ છે. આત્મા તો એ બધાથી જુદો છે, સૂક્ષ્મમાં સૂક્ષ્મ જે શુભભાવ થાય તેનાથી પણ આત્મા જુદો છે—એમ બધાથી નિરાળા એવા ચૈતન્યતત્ત્વની શ્રદ્ધા કરવી. પહેલાં શ્રદ્ધા થાય અને પછી જેવી શ્રદ્ધા-પ્રતીતિ થાય એવો જ તેનો પુરુષાર્થ થાય. રુચિ અનુયાયી વીર્ય. જેની જેવી રુચિ અને શ્રદ્ધા હોય તેવો જ તેનો પુરુષાર્થ કામ કરે છે. ૩૦.

## 卐 વસ્તુસ્વરૂપની તું સમજણ કર 卐

* તું નિરાલંબન ચાલે ચાલતાં શીખ. તે માટે જિનેન્દ્રકથિત વસ્તુસ્વરૂપની તું સમજણ કર. તે સમજણમાં વ્યવહારે સાચા દેવ-શાસ્ત્ર-ગુરુ નિમિત્ત હોય છે. દેવ-શાસ્ત્ર-ગુરુ માર્ગ બતાવવામાં મહા નિમિત્ત છે. તું તારું ઉપાદાન અંદરથી તૈયાર કર, ત્યાં નિમિત્ત તો તૈયાર હોય જ છે. તારું ઉપાદાન તૈયાર કરવું તે તારા હાથની વાત છે, તેમાં તને કોઈ રોકનાર નથી. શાસ્ત્રમાં આવે છે ને—વિભાવમાં જોડાવામાં પણ તું સ્વતંત્ર છે અને સ્વભાવનાં કાર્યો કરવામાં પણ તું સ્વતંત્ર છે. પર્યાયદૃષ્ટિ તું સ્વતંત્રપણે કરે છે અને દ્રવ્યદૃષ્ટિ કરવામાં પણ તું સ્વતંત્ર છે. પં. બનારસીદાસજીના ઉપાદાન-નિમિત્તના દોહરામાં આવે છે—'એક ચક્રસો રથ ચલે, રવિકો યહી સ્વભાવ.' તું અકારણ પારિણામિક દ્રવ્ય છો. તારું ઉપાદાન તૈયાર કર. તું સ્વયં સ્વતંત્રપણે પરિણમતો પદાર્થ છો. ૩૧.

卐 પુરુષાર્થ વડે ભેદજ્ઞાન કર 卐

* વિકલ્પ તોડીને અંદર સ્વાનુભૂતિ કેમ પ્રગટ થાય તે પ્રયત્ન કર્તવ્ય છે. અંતરમાં ભેદજ્ઞાન થાય તો જ મુક્તિની શરૂઆત થાય. જે મોક્ષે ગયા છે તે ભેદજ્ઞાનથી જ ગયા છે. ભેદજ્ઞાનના અભાવે જીવ રખડયો છે. તું તારા ચૈતન્યમાં પુરુષાર્થ કર તો અંદર ભેદજ્ઞાનની ધારા ચાલે. ૩૨.

卐 અનાદિથી જ્ઞાયક તો જ્ઞાયક જ છે 卐

* અનાદિકાળથી પોતે પોતાનું સ્વરૂપ છોડયું નથી, પણ ભ્રાંતિને લીધે 'છોડી દીધું છે' એમ ભાસ્યું છે. અનાદિકાળથી દ્રવ્ય તો શુદ્ધતાથી ભરેલું છે, જ્ઞાયકસ્વરૂપ જ છે, આનંદસ્વરૂપ જ છે. અનંત ચમત્કારિક શક્તિ તેમાં ભરેલી છે. ૩૩.

卐 તું પરિપૂર્ણ દ્રવ્ય છો 卐

* દ્રવ્ય–મૂળ વસ્તુ–જ એને કહેવાય કે જે સ્વભાવે પરિપૂર્ણ દ્રવ્યને કોઈ અન્ય દ્રવ્ય વિઘ્ન, હાનિ કે નાશ કરી શકે નહિ. ૩૪.

卐 જગતમાં સર્વોત્કૃષ્ટ જ્ઞાયક–આત્મા છે 卐

* ગુરુદેવે તો માર્ગ બતાવ્યો છે. આત્માનું હિત કરવા માટે તે માર્ગે ચાલવાનું છે. જગતમાં સર્વોત્કૃષ્ટ વસ્તુ એક જ્ઞાયક–આત્મા છે, તેને ઓળખવો. આ બીજું બધું જગતમાં કોઈ સર્વોત્કૃષ્ટ નથી, પોતાનો આત્મા જ એક સર્વોત્કૃષ્ટ છે. તેને માટે થઈને દેવ–શાસ્ત્ર–ગુરુની મહિમા તેમ જ એક જ્ઞાયક...જ્ઞાયક... આત્માનું રટણ અને ભેદજ્ઞાનની ધારા પ્રગટ કરવી, તેની ઉગ્રતા કરવી—જ્ઞાતાપણાની ઉગ્રતા કરવી. ૩૫.

卐 જગતમાં બીજું કાંઈ પણ આશ્ચર્યજનક નથી 卐

* અહો ! જેમની મુદ્રા શાંત સુધારસનું સરોવર છે એવા પ્રભુ ! આપને નીરખતાં મને તૃપ્તિ જ થતી નથી, મારા નયન પાછાં ફરતાં જ નથી. જગતમાં જો કાંઈ જોવાલાયક હોય તો તે સર્વોત્કૃષ્ટ નિજ જ્ઞાયકદેવ અને સર્વોત્કૃષ્ટ જિનેન્દ્રદેવ છે. જગતમાં બીજું કાંઈ પણ આશ્ચર્યજનક નથી. પ્રભુ ! મારા નયનો આપના દર્શનથી સફળ થયાં, હું આપને એકીટશે જોયા જ કરું. ૩૬.

## 卐 અહો ! ધન્ય છે મુનિરાજ ને ! 卐

* અહો ! મુનિરાજની દશાની તો શી વાત કરવી ? આત્મદ્રવ્ય સ્વભાવે 'સ્વયંભૂ' ભગવાન છે. મુનિરાજ (યથાયોગ્ય) નિરાલંબનપણે પરિણમતા થકા પર્યાયમાં (યથાયોગ્ય) સ્વયંભૂ થઈ ગયા છે. તારું સ્વરૂપ પણ સ્વયંભૂ છે; તેથી તું નિરાલંબી પુરુષાર્થ કર. તું આત્મા તરફની રુચિ પ્રગટ કર તો તારા સમ્યક્ પુરુષાર્થની ગતિ ઊપડશે. ૩૭.

## 卐 તારી દૃષ્ટિની દિશા ફેરવ 卐

* ચૈતન્યદ્રવ્ય પર દૃષ્ટિ કરે તો બધી પર્યાયો (યથાસંભવ) શુદ્ધ પરિણમે, આખી દિશા બદલાઈ જાય, વિભાવની દિશા પર તરફ છે. દ્રવ્ય–સ્વભાવ તરફ દૃષ્ટિ જતાં પર્યાયમાં આખી દિશા બદલાય છે–શુદ્ધતારૂપ પરિણમન થાય છે. જેમ પશ્ચિમમાંથી પૂર્વ તરફ મુખ ફેરવે, તેમ દ્રવ્ય તરફ મુખ ફેરવતાં પર્યાયને પીઠ દેવાણી, દૃષ્ટિ ગઈ ભગવાન તરફ, નયન ભગવાનને નીરખવા લાગ્યાં, હાથ તે તરફ જોડાવા માંડયાં, સાધકનાં પગલાં તે તરફ ભરાવા માંડયાં. એવા મંગલમય ભગવાનનાં દર્શનથી પર્યાયમાં મંગલ પ્રભા પ્રસરી. અંતરમાં એવા જ્ઞાયકદેવને બતાવનાર ગુરુદેવ પોતે મંગલમય હતા. એમની મંગલ પ્રભાથી ભરતક્ષેત્ર શોભાયમાન હતું. હજુ પણ એમની મંગલ પ્રભા છવાયેલી છે. ૩૮.

## 卐 નિવૃત્તસ્વરૂપ આત્માની ઓળખાણ કર 卐

* નિવૃત્તસ્વરૂપ આત્માની ઓળખાણ કરવામાં જ શાંતિ છે, બાકી બધું ધમાલ ધમાલ...ધમાલ છે.

ચૈતન્યસ્વભાવ નિવૃત્તસ્વરૂપ જ છે. સ્વભાવમાં પ્રવૃત્તિ ને વિભાવથી વ્યાવૃત્તિ તે જ નિવૃત્તિ. પરભાવની પ્રવૃત્તિમાં જોડાવું તે સ્વભાવ નથી, વિભાવ છે, ખેદરૂપ તેમ જ આકુળતારૂપ છે. પોતાનો સ્વભાવ જે સહજ છે તે ખેદમય હોતો નથી. પોતાનો સહજ સ્વભાવ જે અનાદિ–અનંત છે, પરમ–પારિણામિકભાવમય છે, તેમાંથી સ્વભાવપરિણતિ પ્રગટ થાય છે. તે સહજ સ્વભાવ આનંદરૂપ જ છે.

નિવૃત્તિના પંથે જવું તે મુક્તિનો માર્ગ છે. તેમાંથી શાંતિની ધારા પ્રગટ થાય છે. નિવૃત્તિનો અર્થ શૂન્યતા નથી; આત્મા અંતરમાં તો

આનંદમુદ્રિત સ્વસંવેદનસામર્થ્યથી ભરપૂર છે, તે સ્વભાવને પ્રગટ કર. તે આશ્ચર્યરૂપ છે, અનુપમ છે, ગુરુદેવ તે બતાવતા હતા. ૩૯.

### 卐 અંતરમાં ભેદજ્ઞાન થાય તો જ મુક્તિની શરૂઆત થાય 卐

* વિકલ્પ તોડીને અંદર સ્વાનુભૂતિ કેમ પ્રગટ થાય તે પ્રયત્ન કર્તવ્ય છે. અંતરમાં ભેદજ્ઞાન થાય તો જ મુક્તિની શરૂઆત થાય. જે મોક્ષે ગયા છે તે ભેદજ્ઞાનથી જ ગયા છે. ભેદજ્ઞાનના અભાવે જીવ રખડયો છે. તું તારા ચૈતન્યમાં પુરૂષાર્થ કર તો અંદર ભેદજ્ઞાનની ધારા ચાલે, તેમાં જ્ઞાયકની–જ્ઞાતાપણાની–સ્વાનુભૂતિ થાય, તેમાં આગળ વધતાં વધતાં પછી તેની અમુક ભૂમિકાએ મુનિદશા આવે, ત્યાં ક્ષણે ક્ષણે અંતર સ્વાનુભૂતિમાં જાય, બહાર આવે ત્યાં શુભ વિકલ્પો–પંચ પરમેષ્ઠીભગવંતના, શાસ્ત્ર લખવાના–આવે, વળી પાછા અંદરમાં જાય;–એમ અંતરમાં અંતર્મુહૂર્તે ને અંતર્મુહૂર્તે નિર્વિકલ્પ સ્વાનુભૂતિનો અનુભવ કરે, તેમ કરતાં કરતાં કેવળજ્ઞાન પામે, પછી, સાદિ અનંત એમ ને એમ રહે. 'સાદિ–અનંત અનંત સમાધિ સુખમાં...' ૪૦.

### 卐 જ્ઞાનીની જ્ઞાતાધારા 卐

* અહીંયાં ( આત્મામાં ) જેણે જ્ઞાયકની ધારા પ્રગટાવી, તેને જ્ઞાયકધારા થતાં કર્તાબુદ્ધિ છૂટી જાય છે—એકલી જ્ઞાયકતા રહે છે; એને અંશે મુક્તદશા થાય છે, અંશે નિર્મળતાની દશા અને શાંતિ પ્રગટ થાય છે. તેને વિકલ્પ તરફની દષ્ટિ ઉઠાવીને નિર્વિકલ્પદશા થાય છે ત્યાં તેની —ચૈતન્યની—આખી દશા જ જુદી થઈ જાય છે. તે તો—ચેતન—પોતે પોતાના ઉત્પાદ–વ્યયમાં રમનારો, આનંદ આદિ અનંત ગુણમાં ઝૂલનારો, અનંત ગુણ–પર્યાયમાં રહેનારો. ચૈતન્યનું કોઈ અદ્‌ભુત સ્વરૂપ પ્રગટ કરે છે. જ્ઞાનાધારાની ઉગ્રતા થતાં વિકલ્પ છૂટી જાય છે અને નિર્વિકલ્પદશા પ્રગટ થાય છે. જ્ઞાનીઓ એવી જ્ઞાતાધારાએ રહે છે. ૪૧.

### 卐 હું તો એક ચૈતન્યતત્ત્વ છું 卐

* ઊંચામાં ઊંચા શુભભાવ આવે ખરા; પણ તે તારી જાતના નથી, વિભાવની જાતના છે; તું તેને તારાથી જુદા જાણ; આત્મા જ્ઞાનસ્વરૂપ છે, દર્શનસ્વરૂપ છે, ચારિત્રસ્વરૂપ છે—એવા વિકલ્પના ભેદ પડે તે શુભભાવ

છે, પણ તે વચ્ચે આવ્યા વિના રહેતા નથી. તું તારી શ્રદ્ધા જુદી કર—'હું તો એક અનંત સ્વભાવથી ભરેલું, ચૈતન્યતત્ત્વ છું' એમ એક અભેદ તત્ત્વ ઉપર દૃષ્ટિ કર; પછી તે તત્ત્વમાંથી જે પ્રગટશે તે અનંત પ્રગટશે, કે જેમાં અનંત શક્તિ–જ્ઞાન, દર્શન, આનંદ આદિની અનંતતા ભરેલી છે; અનંત કાળ જ્ઞાનરૂપે, આનંદરૂપે, પર્યાય પરિણમે તોપણ કોઈ દિવસ ખૂટે જ નહિ —એવી અંદર આત્મામાં અનહદ શક્તિ ભરેલી છે. ૪૨.

卐 હું પોતે જ આશ્ચર્યકારી મહિમાવંત પરમ પદાર્થ છું 卐

* અનંતા જ્ઞેયો જ્ઞાનમાં ઝળકે તોય મને એમાં આશ્ચર્ય નથી, આશ્ચર્યકારી મહિમાવંત તો મારો આત્મા છે. તે આત્મામાં મેં દૃષ્ટિ સ્થાપી છે. દૃષ્ટિ–અપેક્ષાએ ક્રોધ–માન–માયા–લોભ, તથા મન–વચન–કાયા આદિના બધા વિકલ્પોનો મારામાં અભાવ છે. પરિણતિમાં પુરુષાર્થ ઊપડતાં–ઉપયોગ પોતા તરફ વળતાં–સ્વાનુભૂતિ થાય છે; ત્યાં જ આત્માની વિશ્રાન્તિ છે, અનંત કાળના થાકનો વિરામ ત્યાં જ છે. હવે તો મારે બીજું કાંઈ જોઈતું નથી, એક આત્મા જ જોઈએ છે. અનંત કાળથી જ્ઞેયોમાં એકત્વબુદ્ધિપૂર્વક તેમને ગ્રહવાની જે ભૂલ કરતો હતો તે હવે મેં છોડી દીધી છે. વિભાવથી જુદો પડતાં હું પાંચ ઇન્દ્રિયોથી ભિન્ન સ્વયં જ્ઞાતા થઈ ગયો છું. સ્વપરને જાણવું તે તો મારો સ્વભાવ છે; હું આનંદસાગરમાં રહેનારો, ચૈતન્યનગરમાં વસનારો છું; મને જ્ઞેયોનું આશ્ચર્ય નથી, આખો લોકાલોક જણાય તોપણ મને તેનું આશ્ચર્ય નથી, હું પોતે જ આશ્ચર્યકારી મહિમાવંત પરમ પદાર્થ છું. ૪૩.

卐 તારું ઉપાદાન તૈયાર કર 卐

* તું નિરાલંબન ચાલે ચાલતાં શીખ. તે માટે જિનેન્દ્રકથિત વસ્તુસ્વરૂપની તું સમજણ કર. તે સમજણમાં વ્યવહારે સાચા દેવ–શાસ્ત્ર–ગુરુ નિમિત્ત હોય છે. દેવ–શાસ્ત્ર–ગુરુ માર્ગ બતાવવામાં મહા નિમિત્ત છે. તું તારું ઉપાદાન અંદરથી તૈયાર કર, ત્યાં નિમિત્ત તો તૈયાર હોય જ છે. ૪૪.

卐 પધારો જ્ઞાયકદેવ! પધારો! 卐

* સાધક જીવને જિનેન્દ્રદેવ પ્રત્યે એવો ભક્તિભાવ આવે છે કે–હે

જિનેન્દ્રદેવ! આપના પ્રતાપથી જ મારા અંતરમાં જ્ઞાયકદેવ પધાર્યા છે. સાથે સાથે સાધકનું પરિણમન 'જ્ઞાયકદેવ' પ્રત્યે પણ નિરંતર ઢળેલું હોય છે જે જાણે કે એમ કહી રહ્યું છે કે-'પધારો જ્ઞાયકદેવ! પધારો; મારા અંતરના મહેલમાં બિરાજો. અનંત અનંત શક્તિઓથી પરિપૂર્ણ હું જ્ઞાયકદેવ! આપનો હું કયા પ્રકારે આદર કરું? આપને હું કઈ રીતથી વંદન કરું? આપનું હું કઈ વિધિથી પૂજન કરું?' અહીં, આદરણીય-વંદનીય-પૂજનીય પણ પોતે અને આદર કરનાર-વંદન કરનાર-પૂજન કરનાર પણ પોતે જ છે; બધું એકમાં જ છે. ભિન્ન ભિન્ન નથી. ૪૫.

### 卐 આત્માને ગ્રહણ કરવાનો અભ્યાસ કર 卐

* અહો! આચાર્યદેવની તો શી વાત કરવી! એકત્વ-વિભક્તનું સ્વરૂપ સ્વાનુભવમુદ્રિત નિજ વૈભવ વડે સુંદર રીતે દર્શાવ્યું છે. આત્માને સ્વરૂપથી એકત્વમય તથા પર ને વિભાવથી વિભક્ત જાણવો તે જ મુક્તિનો માર્ગ છે. સ્વરૂપથી એકત્વમય ને વિભાવથી વિભક્ત એવા નિજ આત્માને ઓળખવાનો જીવે કદી પ્રયત્ન કર્યો નથી. આત્મા જ સર્વસ્વ છે; જગતમાં આશ્ચર્યભૂત એક આત્મા જ છે, બીજી કોઈ વસ્તુ આશ્ચર્યભૂત નથી; માટે એક આત્માને જ ગ્રહણ કરવો. એને જ ગ્રહણ કરવાનો અભ્યાસ તે જ જીવનનું કર્તવ્ય છે. ૪૬.

### 卐 ક્રમ પડે એવા જ્ઞાનનો મહિમા જ શો? 卐

* કોઈ કોઈ મુનિશ્વરોને એવી લબ્ધિ પ્રગટ થઈ જાય છે કે તેઓ અંતર્મુહૂર્તમાં અગિયાર અંગ ને ચૌદ પૂર્વનું અનુપ્રેક્ષણ કરી લે છે! પરંતુ મુનિરાજના હૃદયમાં તેનો પણ મહિમા તો નથી જ. લૌકિક દૃષ્ટિએ તેમને કેવી અદ્ભુત લબ્ધિ છે! સંપૂર્ણ બાર અંગનું અંતર્મુહૂર્તમાં મનથી તો અનુપ્રેક્ષણ કરે છે પરંતુ તદુપરાંત વચનથી પણ સ્વાધ્યાય કરી લે છે. તેમને અંદરમાં સહજ કોઈ એવી શક્તિ ઉઘડી જાય છે કે તેઓ અંતર્મુહૂર્તમાં પૂરેપૂરાં બાર અંગ ફેરવી જાય. આ પ્રકારે બાર અંગનું જ્ઞાન અને તદ્વિષયક લબ્ધિ હોવા છતાં પણ મુનિઓને બાર અંગના જ્ઞાનની અને લબ્ધિની કાંઈ અધિકતા લાગતી નથી. અંતરમાં

અપૂર્ણ જ્ઞાન રુચતું જ નથી. એ તો ક્રમિક જ્ઞાન છે; ક્રમ પડે એવા જ્ઞાનનો મહિમા જ શો ? સહજજ્ઞાન અર્થાત્ કેવળજ્ઞાન તો એક સમયમાં સંપૂર્ણ લોકાલોકને–ત્યાં ગયા વિના, વિચાર કર્યા વિના, અંદર જ લીન રહેતાં, અંતરમાં જ કેલિ કરતાં કરતાં–જાણી લે છે. ૪૭.

卐 આત્માનો સ્વભાવ સદા શુદ્ધ પરિપૂર્ણ છે 卐

* આત્માનો સ્વભાવ તો અનાદિ-અનંત સદા શુદ્ધ પરિપૂર્ણ છે. સ્વાનુભૂતિ પ્રાપ્ત કરનારને તે સ્વભાવનો અંશ પ્રગટ થાય છે, પરંતુ તેને તે અંશથી શાંતિ–તૃપ્તિ–સંતોષ થઈ જતો નથી; તેને ભાવના તો સદાય પૂર્ણ વીતરાગતાની રહે છે. પુરુષાર્થની મંદતાને લીધે પોતે ભલે માત્ર સમ્યગ્દૃષ્ટિ જ હો, ગૃહસ્થદશામાં હો, તોપણ તેને ભાવના તો એવી જ રહે છે કે ક્યારે હું મુનિદશા પ્રાપ્ત કરું, ક્યારે હું પૂર્ણ વીતરાગતારૂપે પરિણમી જાઉં. તેને સદા નિર્વિકલ્પ સ્વાનુભૂતિ, આત્મામાં પ્રચુર લીનતા ને પૂર્ણ વીતરાગતાની ભાવના રહે છે. એક અંશથી તેને સંતોષ થતો નથી.–આવું હોવા છતાં તેને અંશે શાંતિ અને તૃપ્તિ તો અવશ્ય થાય છે, કેમ કે, અનાદિ કાળથી જે વિભાવમાં એકત્વબુદ્ધિ હતી, આકુળતા હતી, તે છૂટતાં કોઈ અપૂર્વ પરિણતિ પ્રટગ થઈ, જેનાથી અપૂર્વ શાંતિ, અપૂર્વ આનંદ અનુભવમાં આવ્યો. અંતરમાં લોકોત્તર માર્ગ પ્રગટ્યો–આત્માનું અપૂર્વ તેમ જ અલૌકિક પરિણમન થયું તેનો આનંદ થાય છે. આ રીતે તેને અપૂર્વ શાંતિ ને આનંદ પણ હોય છે અને પૂર્ણ આનંદમય વીતરાગ દશાની ભાવના પણ રહે છે. ૪૮.

卐 શુદ્ધાત્માની લગની લગાવ 卐

* દેવ–શાસ્ત્ર–ગુરુનો મહિમા અપાર છે, અંતરમાં શુદ્ધાત્માનો મહિમા લાવીને ધ્યેય એનું જ રાખવું; નિરંતર એનું જ ભેદજ્ઞાન કરવાનો પ્રયાસ કરવો. એ જ કરવાનું છે. જેમ સ્ફટિક સ્વભાવે નિર્મળ છે પણ લાલપીળા ફૂલની છાયામાં તે લાલપીળો દેખાય છે. તોપણ વસ્તુતઃ તે કાંઈ મેલો ( લાલપીળો ) થયો નથી; તેમ ચૈતન્યપદાર્થ સ્વભાવે નિર્મળ છે પણ તેની પરિણતિમાં ક્લેશની કાલિમાને લઈને અનેક જાતનાં વિભાવો દેખાય છે, તોપણ વસ્તુતઃ તે કાંઈ મેલો થઈ

ગયો નથી, અંતરમાં દૃષ્ટિ કરે તો શુદ્ધ છે. માટે શુદ્ધાત્મા પર દૃષ્ટિ કરી, એની જ લગની, એની જ ધૂન અને એનું જ દિવસ ને રાત–ક્ષણે ક્ષણે–ભેદજ્ઞાન કરવાનું કે 'આ જે વિભાવો છે તે મારો સ્વભાવ નથી, હું તેમનાથી જુદો—ન્યારો ચૈતન્યમય છું.' એની જ લગની લગાતાર લાગે તો એ નિર્વિકલ્પ તત્ત્વ–સ્વાનુભૂતિ–પ્રાપ્ત થયા વગર રહે જ નહિ. ૪૯.

卐 ભગવાનને યથાર્થ ઓળખે તે આત્માને ઓળખે 卐

* જિનવરસ્વામી મળ્યા પણ પોતે તેમને ઓળખ્યા નથી માટે 'જિનવરસ્વામી મળ્યા નથી' એમ શાસ્ત્રમાં આવે છે. એ રીતે સમ્યક્‌ દર્શનની પ્રાપ્તિ પણ અપૂર્વ છે; એ પણ જીવે કોઈ વાર પ્રાપ્ત કર્યું નથી. જે ભગવાનને યથાર્થ ઓળખે તે પોતાના આત્માને યથાર્થ ઓળખે છે–એવો સંબંધ છે. ભગવાનને જે દ્રવ્યપણે, ગુણપણે ને પર્યાય-પણે ઓળખે તે પોતાને ઓળખે અને જે પોતાને ઓળખે તે ભગવાનને ઓળખે. માટે પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાયનો સ્વભાવ શો છે, તેને પર સાથે શો સંબંધ છે તે સમજી, બંને દ્રવ્યો જુદેજુદાં છે એમ યથાર્થ રીતે ખ્યાલમાં લઈ, પર સાથેની એકત્વબુદ્ધિ તોડવી. વિભાવભાવો પણ આત્માનો સ્વભાવ નથી, એમનાથી પણ પોતે જુદો છે; ગુણોના ભેદ અને પર્યાયોના ભેદ એ પણ ચૈતન્યનું અખંડ સ્વરૂપ નથી. બધી રીતે ચૈતન્યને–શુદ્ધાત્માને ન્યારો ગ્રહણ કરવો. જુદો પ્રતીત કરવો. એમ કરીને, એનો જ વારંવાર અભ્યાસ કરી, એમાં લીનતા કરવી. આમ કરવાથી સ્વાનુભૂતિ પ્રગટ થયા વિના રહેતી જ નથી. ૫૦.

卐 અનંત ગુણરત્નોથી ભરપૂર ચૈતન્યદેવ 卐

* આ જે અદ્‌ભુત ચૈતન્યદેવ છે તે કાંઈ ખાલી નથી; તે તો અનંત ગુણરત્નોથી ભરપૂર ચમકતું તત્ત્વ છે. બાહ્ય દૃષ્ટિવાળાઓએ તો આ સાંભળ્યું પણ નથી; બહારની ક્રિયાકાંડ ભલે કરે પણ એ તો ફોતરાં ખાંડવા જેવું છે, કસ તો અંદરમાં છે. બહારના પ્રયત્નથી શું વળે? અનંત ગુણરત્નોથી તું ઠસોઠસ ભરેલો છે, તે ગુણરત્નોથી ચમકતા પદાર્થ પર દૃષ્ટિ દે તો તે પાવન પુરાણ પુરુષ પ્રગટ થશે. આત્મા ભગવત્સ્વરૂપ છે, પવિત્ર છે, નિર્વિકલ્પતત્ત્વ છે. અનંત ગુણરત્નોથી ચમકતો, ભરપૂર

આ આત્મા, વિકલ્પોથી નહિ પણ નિર્વિકલ્પ સ્વાનુભૂતિમાં જ જણાય છે. સ્વયં જ્ઞાનમાં જણાય, વેદનમાં અનુભવાય–અનંત ગુણરત્નાકરમાં સ્વયં ડૂબી જાય તો અનંત સુખનો અનુભવ કરે–એવો છે. એને કયા શબ્દોમાં કહેવાય? કોઈ પુરુષ રત્નનો મહેલ જોઈને આવ્યો હોય અને પછી વાત કરે તો શું કહે? તે રત્નનો મહેલ તો ધૂળ છે, તેના માટે તો ઉપમા પણ હોય છે, પણ આને માટે શી ઉપમા હોઈ શકે? તેનું વર્ણન શું કરાય? આ તો અનુપમ તત્વ છે! ૫૧.

### 卐 જ્ઞાયક તો જ્ઞાયક જ છે 卐

* જ્ઞાનીને ગમે તે પ્રસંગમાં જ્ઞાયકતા છૂટતી નથી; પુણ્ય–પાપના ભાવમાં તે જ્ઞાયક જ છે. ગમે તેવા ઊંચા શુભ ભાવો હોય, પંચપરમેષ્ઠીની પૂજા–ભક્તિના ભાવોમાં ઘણો રસ દેખાતો હોય કે ગુણભેદના વિચાર કરતો હોય, તોપણ જ્ઞાયક તો જ્ઞાયક જ છે, ક્યાંય એકત્વબુદ્ધિ નથી. ૫૨.

### 卐 નિજસ્વરૂપધામમાં વસનારાને કોઈ ભાવોની ઇચ્છા નથી 卐

* પોતાના સ્વરૂપધામમાં રહેનાર એવા મને જગતના કોઈ ભાવોની ઇચ્છા નથી. એક ચૈતન્યસ્વભાવને ગ્રહણ કરતાં મારી બધી ઇચ્છાઓ તૂટી ગઈ છે. બહારમાં પુણ્યના–વૈભવના ઢગલાઓ દેખાય, પણ મને એની ઇચ્છા નથી, જાતજાતનાં બહારનાં જ્ઞેયો છે પણ મને તેમનું આશ્ચર્ય નથી. અનંત કાળથી પુણ્યના ઠાઠનું આશ્ચર્ય લાગતું તે, ભ્રાંતિને લીધે મારી ભૂલ હતી, જે ભૂલને કારણે પરિભ્રમણ થયું અને ત્યાં આકુળતા ને ખેદ વેઠ્યાં; હવે તો આ પુણ્યના વિલાસને છોડી હું મારા ચૈતન્ય-નિવાસમાં વસું છું. ૫૩.

### 卐 આત્માને મૂળ સ્વભાવમાંથી ઓળખ 卐

* આત્મા એવી અનંતતાથી ભરેલો છે કે અનંતકાળ પરિણમે તોપણ પરિપૂર્ણ અનંત રહે. તેને મૂળ સ્વભાવમાંથી ઓળખ. આ બધો માર્ગ ગુરુદેવે ખોલી ખોલીને બતાવ્યો છે. આ કાળમાં માર્ગ સમજવો બહુ મુશ્કેલ છે; કોઈ ક્યાંય અટકી જાય ને કોઈ ક્યાંય અટકી જાય. ૫૪.

### 卐 તું દ્રવ્ય પર દૃષ્ટિ કર 卐

'એક'ની સાધનામાં બધું આવી જાય છે. એક ચૈતન્યદેવ જાગૃત

થયો તો તેની પાછળ બધી શક્તિઓ જાગી ઊઠે છે. વાહ! અનંતગુણોથી ગૂંથાયેલો ચૈતન્યદેવ જાગૃત થતાં બધા ગુણોમાં જાગૃતિ આવી ગઈ.

જ્ઞાનની એક સમયની પર્યાય ચૈતન્યના અનંત અવિભાગ અંશોનું જ્ઞાન કરે, સમગ્ર લોકાલોકને જાણે, ભૂત–વર્તમાન–ભવિષ્ય–ત્રણે કાળ તેમ જ સમસ્ત દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ, એ બધાંને જાણે;—આ સાંભળીને કોઈને એમ લાગે કે આ બધાને કેમ પહોંચી વળાય? પણ તેમને ક્યાં પહોંચવું છે? તેમને ક્યાં જોવા જવું છે? તારે તો એક અંતરમાં સ્થિર થવાનું છે. તું દ્રવ્ય પર દૃષ્ટિ કર ને તેમાં સ્થિર થઈ જા. તું તને પહોંચી જા તો સર્વત્ર પહોંચી વળાશે. ૫૫

### 卐 ગુરુદેવનો અનંત અનંત ઉપકાર છે 卐

* પોતાનો પૂર્ણ દ્રવ્યસ્વભાવ અરૂપી હોવા છતાં પોતે તેને જાણી તો શકે છે, પણ પોતે તે માટે પ્રયત્ન કરતો નથી. તેથી તેને જાણતો નથી. તે પૂર્ણ સ્વભાવની શ્રદ્ધા થઈ શકે છે અને સ્વાનુભૂતિમાં પણ તે આવે છે. સ્વભાવ તો સદા છે; તે કાંઈ હાનિ નથી પામ્યો. સ્વભાવને પોતે જાણી શકે છે, પોતે તેને અનુભૂતિમાં લઈ શકે છે; વિશેષ લીનતા કરવાથી તે વિશેષ પ્રગટ થાય છે અને કેવળજ્ઞાન થતાં તે પૂર્ણ પ્રગટ થઈ શકે છે. ગુરુદેવે આ માર્ગ બતાવ્યો છે, એમનો આપણા ઉપર અનંત અનંત ઉપકાર છે. ૫૬.

### 卐 એક જ્ઞાયકને ઓળખ 卐

ગુરુદેવે કહ્યું છે કે એક જ્ઞાયકને ઓળખો; બસ, બીજું બધું ચૈતન્યથી જુદું છે; આ શરીર જુદું, વિભાવ પર્યાય આત્માનો સ્વભાવ નથી;—બધું તેનાથી જુદું છે. એક ચૈતન્યદેવ—જ્ઞાયક તે અનાદિ–અનંત શાશ્વતો છે. અનંતા દ્રવ્યોની સાથે રહે તોપણ તે એવો ને એવો છે. આના દ્રવ્ય–ગુણ તેમાં જતાં નથી, તેનાં દ્રવ્ય–ગુણ–પર્યાય આમાં આવતાં નથી. સૌનાં પોતપોતામાં જ રહે છે. એવા અનંતા દ્રવ્યોની પાસે રહે તોપણ પોતે તો એવો ને એવો. તેનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ–બધાં એનાં એનામાં, બીજાના બીજામાં છે. તેનો સ્વભાવ છૂટીને કોઈ વાર

પરદ્રવ્યરૂપે થતો નથી. તેના ગુણો પરરૂપે થતા નથી, પર્યાયો પણ પરરૂપે થતી નથી. ૫૭.

### 卐 પોતાના ચૈતન્ય-અસ્તિત્વને ગ્રહણ કર 卐

* પુદ્‌ગલનાં દ્રવ્ય-ગુણ-પર્યાય પુદ્‌ગલમાં ને તારા દ્રવ્ય-ગુણ-પર્યાય તારામાં;-તું તેને કરી શકતો નથી ને તે તને કંઈ કરી શકતું નથી. પરદ્રવ્યનાં ને પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જુદાં છે, બધું જુદું છે. પોતાનું અસ્તિત્વ પોતામાં છે ને બીજાનું અસ્તિત્વ બીજામાં છે. પોતાના ચૈતન્યઅસ્તિત્વને ગ્રહણ કરવું, તેમાં જ વાસ કરવાનો પ્રયત્ન કરવો; તે જ કરવા જેવું છે. આ પર તરફના વાસમાં તને જે સુખ લાગે છે તે સુખબુદ્ધિ તોડીને ચૈતન્યમાં વાસ કરવો, અંદર તળિયે જઈને સુખ-નિધાન એવા પોતાના આત્માને ઓળખવો. ૫૮.

### 卐 સ્વાનુભૂતિ પ્રાપ્ત કર 卐

* આત્માને—એકત્વવિભક્ત શુદ્ધાત્માને—ગ્રહણ કરવાનો અભ્યાસ કરવો. દરેક કાર્યમાં શુદ્ધાત્મા જે રીતે ગ્રહાય તે રીતનો ઉદ્યમ રાખવો. છ દ્રવ્યમાં એક શુદ્ધાત્મા, નવ તત્ત્વમાં પણ એક શુદ્ધાત્મા ગ્રહવાયોગ્ય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં પણ આલંબનભૂત એક શુદ્ધાત્મા જ છે. બસ, એક શુદ્ધાત્માને ગ્રહણ કરવો. એ શુદ્ધાત્મા પરથી ને વિભાવથી વિભક્ત છે અને ભેદભાવોથી પણ ન્યારો છે, તોપણ આત્મામાં વચ્ચે સાધકદશાની પર્યાયો આવ્યા વગર રહેતી નથી એવું જ્ઞાન કરવું. એ શુદ્ધાત્માને યથાર્થ ગ્રહણ કરી, એની પ્રતીતિ અને એમાં લીનતા કરવાથી સ્વાનુભૂતિ પ્રગટ થાય છે, અને એ સ્વાનુભૂતિ જ આત્માએ જીવનમાં પ્રાપ્ત કરવા યોગ્ય છે. ૫૯.

### 卐 પરિપૂર્ણ આત્માની દૃષ્ટિ કર 卐

* પોતે પોતામાં રહેનારો પૂર્ણસ્વભાવથી શાશ્વતો ચૈતન્ય પદાર્થ છે, પણ તેની દૃષ્ટિ એ વિભાવમાં ગઈ છે. તેથી તેના જ્ઞાનની શક્તિઓ તેમ જ અન્ય શક્તિઓ ઓછી અથવા વિકારી થઈ ગઈ છે. માટે પ્રગટતા નથી. સ્વભાવ તો પૂર્ણ છે. પર્યાયની શક્તિ ઓછી થઈ છે, માટે સ્વભાવથી

પરિપૂર્ણ એવો જે આત્મા, તેના તરફ દૃષ્ટિ કરવી, તેનું જ્ઞાન કરવું અને તેના તરફ લીનતા કરવી એ જ જીવનમાં કરવા જેવું છે. ૬૦.

### 卐 એક શાશ્વત શુદ્ધ આત્માનું અવલંબન લે 卐

* મુક્તિનો માર્ગ એક છે. બધું કરીને કરવાનું તો એક જ છે— શાશ્વત શુદ્ધ આત્માનું આલંબન એટલે કે તેની દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા. તેના માટે આત્માની ઓળખાણ કરવી જોઈએ જ્યાં સુધી પોતે અંતરંગ પરિણમનપૂર્વક તેની ઓળખાણ ન કરી શકે, ત્યાં સુધી તેને તેના માટે તત્ત્વવિચાર વગેરેનો પ્રયત્ન થયા વિના રહે નહિ. પરંતુ કરવા જેવું તો એક જ છે—એક શાશ્વત શુદ્ધ આત્માનું આલંબન. ગુરુદેવે આત્મ-કલ્યાણનો આ જ માર્ગ બતાવ્યો છે. ૬૧.

### 卐 અંતરમાં લગની લાગવી જોઈએ 卐

* જ્ઞાન, દર્શન ને આનંદ આદિ અનંત અનંત શક્તિઓથી ભરેલો આ આત્મા અનાદિ કાળથી તે-રૂપ જ છે-એવો ને એવો જ છે. તે આત્માને ઓળખવો એ જ જીવનનું ધ્યેય હોવું જોઈએ. ભેદ-જ્ઞાનની ધારા કેમ પ્રગટે અને આત્મા કેમ ગ્રહણ થાય, એની ક્ષણે ક્ષણે અંતરમાં લગની લાગવી જોઈએ; તે જ કરવા જેવું છે. ૬૨.

### 卐 હું તો ગુરુદેવનો દાસ છું 卐

* શુભાશુભભાવમાં આકુળતા છે. ચૈતન્ય તરફ જાય તો જીવને શાંતિ અને આનંદ છે. ત્યાં અનંત જ્ઞાન તેમ જ અનંત આનંદ ભરેલો છે. તે આનંદ અંતરમાંથી પ્રગટ થયા જ કરે છે. જો સ્વમાં દૃષ્ટિ કરે, જ્ઞાન કરે અને લીનતા કરે તો તે પ્રગટ થયા વિના રહેતો જ નથી. શુભાશુભ ભાવનો આશ્રય છોડી ચૈતન્યનો આશ્રય લેવો તે જ ગુરુદેવે બતાવ્યું છે. ગુરુદેવે ઘણું સ્પષ્ટ કરીને બતાવ્યું છે કે સ્વાનુભૂતિનો માર્ગ જ મુક્તિનો માર્ગ છે અને તે જ સુખનો ઉપાય છે. બસ, આ જ એક કરવા જેવું છે. ગુરુદેવનો પરમ ઉપકાર છે, હું તો તેમનો દાસ છું. ગુરુદેવે જે બતાવ્યું છે તે જ કરવા જેવું છે. ગુરુદેવે આ મુમુક્ષુસમાજ ઉપર અપાર ઉપકાર કર્યો છે. દેવ-શાસ્ત્ર-ગુરુના મહિમાપૂર્વક ચૈતન્યની પરિણતિ અંદરથી પ્રગટ કરવી જોઈએ. અંદરમાં પુરુષાર્થ-માત્ર વિચારરૂપ

નહિ કિંતુ અંદરથી જે પ્રગટ થાય તે–કરવા જેવો છે. જ્ઞાયક, જ્ઞાયક, જ્ઞાયકનો પુરુષાર્થ અને તેની સ્વાનુભૂતિ જ પ્રગટ કરવા જેવું છે. ૬૩.

卐 ધ્યેય એક શુદ્ધાત્માનું જ રાખવું 卐

* ગુરુદેવ પાસેથી જે સાંભળ્યું છે તે ઓગાળવું. ધ્યેય એક શુદ્ધાત્માનું જ રાખવું. તેના જ માટે વાંચન, વિચાર કરવા જેવાં છે. શુદ્ધાત્માને ઓળખી, તેને અવલંબી, તદ્રૂપ પરિણતિ કરવાનું ગુરુદેવ કહેતા હતા. જીવ અનાદિ કાળથી શુભાશુભ ભાવ કરતો આવ્યો છે, હવે તો શુદ્ધાત્માને ગ્રહણ કર. અનંત જીવોએ તે શુદ્ધાત્માના માર્ગે ચાલી સ્વાનુભૂતિને સાધીને, અંતર સમાધિને સાધી છે. તું પણ તે જ માર્ગે ચાલ.—આ, ગુરુદેવની શીખ હતી. ૬૪.

卐 હું તો જ્ઞાતા જ છું 卐

* જ્ઞાનીની દૃષ્ટિ અદ્‌ભુત મહિમાવંત દ્રવ્યસ્વભાવ ઉપર પડી હોવાથી તેને જગતનું કાંઈ જોઈતું નથી. તેને બધી ઇચ્છાઓ તૂટી ગઈ છે. જગતના વિવિધ પદાર્થો ભલે જણાય પણ 'હું તો જ્ઞાતા જ છું' એવા ભાવે પરિણમતો તે જ્ઞેયોને એકત્વપૂર્વક ગ્રહણ કરતો નથી, જુદો જ વર્તે છે. ૬૫.

卐 ચેતનદેવના દર્શન કર 卐

* વિભાવને હું કરું છું—એવી કર્તાબુદ્ધિ અનાદિની છે. કર્તાબુદ્ધિ તોડીને જ્ઞાતાબુદ્ધિ કર્યા પછી પણ અસ્થિરતા રહે છે. પરંતુ સ્વભાવની ધારા જેમ ઉગ્ર થતી જાય છે તેમ વિભાવ પણ અલ્પ અલ્પ થતો જાય છે. સ્વભાવની ધારા પ્રગટ કર. વીતરાગ દશા પ્રાપ્ત કર તો સ્વભાવની ધારામાં વિભાવ બધો ક્ષય થઈને કેવળજ્ઞાન થશે. મુનિ તો વારંવાર ચેતન...ચેતન...ચેતનદેવનાં દર્શન કરે છે. તેઓ વારંવાર સ્વાનુભૂતિનો સ્વાદ લે છે. ૬૬.

卐 આત્માના તળને શોધી લે 卐

શ્રુતના તળને શોધીને આત્માના તળને—જ્ઞાયકભાવને—શોધી લે. આત્માના તળનો પતો લાગતાં શ્રુતનું તળ એમાં આવી ગયું. આત્માના

તળનો-જ્ઞાયકભાવનો-આશ્રય મુખ્ય છે; તે થતાં બેડો પાર છે. તેમાંથી જ બધું પ્રગટ થશે. અનંતકાળથી તે આશ્રય જ બાકી રહી ગયો છે. ૬૭.

## 卐 દોષોને ટાળવાનો ઉપાય 卐

* કરુણાસાગર ગુરુદેવ કરુણાથી કહેતા હતા; ભાઈ! કરવાનું તો તારે જ છે ને? તારા ઉપાદાનને તૈયાર કરી, ગુણોનો ભંડાર જે જ્ઞાયકદેવ તેના શરણે જા. તેના શરણે જતાં તારા અનાદિ કાળના મિથ્યાત્વાદિ દોષો સહેજે ટળી જશે. દોષો ટાળવાનો એ જ એક ઉપાય છે. એક જ્ઞાયકભાવનો આશ્રય લેતાં જ એકીસાથે બધા દોષોનો યથાસંભવ આંશિક નાશ થાય છે. માટે તું ગમે તેમ કરીને જ્ઞાયકનો આશ્રય લે. ૬૮.

## 卐 સ્ફટિક સમાન શુદ્ધાત્માની દૃષ્ટિ કર 卐

* સ્ફટિકની જેમ આત્મા સ્વભાવે નિર્મળ છે. જેમ લાલ-પીળાં ફૂલને લઈને સ્ફટિક લાલ-પીળો દેખાય છે પણ સ્વભાવે એવો નથી, તેમ મૂળ દ્રવ્યસ્વભાવે આત્મા શુદ્ધ છે પણ પર્યાયમાં જે વિભાવ છે તેના ઉપરથી દૃષ્ટિ ઉઠાવીને અંતરદૃષ્ટિ કરવી. ૬૯.

## 卐 તું સ્વયં શાશ્વત ચૈતન્યરત્નાકર છો 卐

* ભગવાનની રત્નનિર્મિત પ્રતિમાઓ પણ આશ્ચર્યકારી છે, તો તું તો સ્વયં અનાદિ-અનંત શાશ્વત ચૈતન્યરત્નાકર! દિવ્યધ્વનિમાં આ ચૈતન્યરત્નાકરની વાતો ઘણી આવે છે. તેમને સાંભળીને જીવ તેને દેખવા તરફ વળે છે—એવી ઉપાદાન-નિમિત્તની સંધિ છે. અનાદિ કાળથી રખડતા જીવને પ્રથમ દેશનાલબ્ધિ થાય છે-ભલે પછી ભગવાનની વાણી હોય કે ગુરુદેવની વાણી હોય. તેને સાંભળીને જીવ પોતા તરફ વળે છે. ૭૦.

## 卐 અનાદિ-અનંત દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ કર 卐

* પ્રશ્ન:—નિર્વિકલ્પ દશા થતાં વેદન શાનું હોય? દ્રવ્યનું કે પર્યાયનું?

પૂજ્ય બહેનશ્રી:—દૃષ્ટિ તો ધ્રુવસ્વભાવની જ હોય છે; વેદાય છે આનંદાદિ પર્યાય.

સ્વભાવે દ્રવ્ય તો અનાદિ-અનંત છે જે ફરતું નથી; તેના ઉપર

દષ્ટિ કરવાથી, તેનું ધ્યાન કરવાથી, પોતાની વિભૂતિનો પ્રગટ અનુભવ થાય છે. ૭૧.

### 卐 જ્ઞાયકદેવનો મહિમા અપાર છે 卐

* જિનેન્દ્રભક્તિ તો શું, પણ ગમે તે કાર્ય કરતાં, સાધકની દષ્ટિ જ્ઞાયકદેવ પર જ પડી હોય છે. દષ્ટિ જ્ઞાયકદેવમાં જામી તે જામી! ત્યાંથી પાછી ફરતી જ નથી! બહારનાં નેત્ર ભલે જિનેન્દ્ર પર એકાગ્ર હોય પણ અંતરના નેત્ર તો ત્યારે પણ નિજજ્ઞાયકદેવ પરથી ખસતાં નથી. જ્ઞાયકદેવનાં દર્શન થતાં અનંત ગુણોમાં અંશે શુદ્ધિની પર્યાય પ્રગટ થઈ; હવે પૂર્ણતા લીધા વિના અંતરના નૈન ત્યાંથી પાછા ફરે જ નહિ. દ્રવ્યદષ્ટિ જ્યાં ચોંટી ત્યાંથી તે પાછી ફરતી નથી. અંતરમાં પૂર્ણતા કર્યે જ છૂટકો. જેમ ભગવાનનાં દર્શન થતાં નેત્ર ત્યાં થંભી જાય છે, તેમ જ્ઞાયકદેવનાં દર્શન થતાં અંતરનાં નેત્ર–દષ્ટિ ત્યાં ચોંટી જાય છે. દષ્ટિ જામતાં જ્ઞાન પણ ત્યાં કથંચિત્ જામી ગયું. પછી ઉપયોગ અંદર અને બહાર એમ કરતાં કરતાં અંદરમાં પૂરો જતાં કેવળજ્ઞાન પ્રગટ થાય છે. અહો! જ્ઞાયકદેવનો અને જિનેન્દ્રદેવનો અપાર મહિમા છે. ૭૨.

### 卐 તારી રુચિ પલટાવી દે 卐

* અંદર શુદ્ધાત્મામાં જ બધું ભર્યું પડ્યું છે. તું પણ પ્રમાદ છોડી ત્યાં દષ્ટિ કર. એને માટે ઝાઝા જ્ઞાનની જરૂરત નથી, રુચિ પલટાવી દે. શ્રુતનું અધિક જ્ઞાન હોય તો તે કાંઈ નુકશાનકારક નથી. અંદર નિર્મળતાનું કારણ બને છે. પરંતુ જો વિશેષ જ્ઞાન ન હોય અને પ્રયોજનભૂત જ્ઞાન હોય તોપણ આત્માનું કાર્ય તો થઈ શકે છે. તેથી પ્રયોજનભૂત તત્ત્વ જે નિજ શુદ્ધાત્મા તેને જાણવાનો પ્રયત્ન કરવો. અધિક શાસ્ત્રજ્ઞાન હોય તો ઠીક, પરંતુ કસવાળું તત્ત્વ તો એક શુદ્ધાત્મા જ છે; તો શુદ્ધાત્માને જ ગ્રહણ કરવો. ૭૩.

### 卐 અનંત ગુણોથી ગૂંથાયેલો તું એક છો 卐

* અહો! અનંત ગુણોથી ગૂંથાયેલો તું એક છો, તે એકને તું પહોંચી જા. તે એકના અવલંબનથી સ્વભાવપરિણતિ થઈ કે આખું ચક્ર

સ્વભાવ તરફ વળી ગયું. તારી દૃષ્ટિ સ્વભાવ તરફ વળી તો બધા ગુણોનું સ્વભાવપરિણમન શરૂ થઈ ગયું. પછી તો તેમાં લીનતા કરતાં કરતાં પૂર્ણતા સુધી પહોંચી જઈશ. ૭૪.

## 卐 ચૈતન્યદેવની દિવ્યતાપૂર્ણ શક્તિને ઓળખી લે 卐

* મોક્ષમાર્ગમાં સાધ્યસાધકભાવના ભેદ વચ્ચે આવે છે, પણ તેમાંથી 'એક'ને જ સાધવાનો છે. દૃષ્ટિ એક આત્મા ઉપર જ છે. એકને સાધતાં અંતરમાં અનંત ગુણ સધાઈ જાય છે. બધાને જુદા જુદા સાધવા પડતા નથી. જીવને એમ થાય કે અનંતને કઈ રીતે પહોંચી વળીશ ? પરંતુ તે અનંતને પહોંચવું પડતું નથી. 'એક'ને પહોંચી જા તો બધાને પહોંચી વળાશે. બધો ભંડાર એક શુદ્ધાત્મામાં જ ભરેલો છે. બસ, તે 'એક'ને પહોંચી જા. એક ચૈતન્યદેવની જે દિવ્યતાપૂર્ણ શક્તિ તેને ઓળખી લે. તેની દૃષ્ટિ કર. તે તરફ પરિણતિ કર. તેમાં જ દર્શન–જ્ઞાન–ચારિત્રની સાધના થશે. તેમાં જ તપની આરાધના થશે. ૭૫.

## 卐 આત્મા તો અનુપમ પદાર્થ છે 卐

* આત્મા તો અનુપમ પદાર્થ છે. શ્રી સમયસારમાં કહ્યું છે કે '**अनेकान्तमयी मूर्तिर्नित्यमेव प्रकाशताम् ।**' એટલે કે અનેકાન્તમય મૂર્તિ–જિનવાણી–સદાય પ્રકાશમાન રહો. શા માટે ? કારણ કે તે અનંત ધર્મોવાળા મહાન આત્મપદાર્થના તત્ત્વને પ્રસિદ્ધ કરે છે. આવો જ્ઞાન–આનંદ વગેરે અનંત ધર્મોવાળો આત્મા કોઈ અપૂર્વ મહિમાવંત મહાપદાર્થ છે. તેને ઓળખવાનો સતત ઉગ્ર પ્રયત્ન કરવામાં આવે તો તે અવશ્ય પ્રગટ થાય છે. તેના ત્રિકાળી સ્વભાવને ઓળખી તેનું અવલંબન લેતાં, જે જાતનો તેનો શાશ્વત સ્વભાવ છે તે જાતની શુદ્ધ સ્વભાવપર્યાય પ્રગટ થાય છે, શાશ્વત સ્વભાવના આલંબને સ્વભાવ પર્યાય પ્રગટ થાય છે, વિભાવના આલંબને વિભાવપર્યાય થાય છે. તેથી આત્માર્થીએ સ્વભાવની દૃષ્ટિ–જ્ઞાન–રમણતા કરવા જેવી છે. ૭૬.

## 卐 જ્ઞાનીનું અંતઃપરિણમન કળવું મુશ્કેલ છે 卐

* જેમને સ્વભાવનો અંશ પ્રગટ થયો છે એવા સમ્યક્ત્વપરિણત

જીવ પણ, પોતાને પ્રગટ થયેલી જ્ઞાતાધારાની સાથે જ્ઞાયકમાં લીનતાની તરતમતા પ્રમાણે, અવારનવાર ચૈતન્યમાં ચાલ્યા જાય છે. જેમ મુનિરાજ અંતરમાં કયાં વિચરતા હોય છે તે કળવું મુશ્કેલ છે, તેમ જેને દ્રવ્યદૃષ્ટિ પ્રગટ થઈ છે એવા સમ્યગ્દૃષ્ટિ જીવનું પણ અંતઃપરિણમન કળવું મુશ્કેલ છે. તેમની અંતઃપરિણતિ અંતરમાં કયાં વિચરી રહી હોય છે તે તો જે જાણતા હોય તે જ જાણે! ૭૭.

卐 વિભાવથી અત્યંત ભિન્ન ચૈતન્ય પદાર્થ હું 卐

* અનંતગુણોથી ભરપૂર આત્મા જો પોતે ભેદજ્ઞાન કરે કે—આ જે પર છે તે 'હું' નથી, વિભાવ મારું સ્વરૂપ નથી, હું તેમનાથી અત્યંત ભિન્ન શાશ્વત ચૈતન્યપદાર્થ છું. આવા ભેદજ્ઞાનપૂર્વક જો તે શાશ્વત દ્રવ્યની દૃષ્ટિ કરે, તેનું જ્ઞાન કરે, તેમાં લીનતા કરે તો તે પ્રગટ થયા વિના રહે નહિ. ૭૮.

卐 મુક્તિનો મારગ ગુરુદેવે બતાવ્યો છે 卐

* દ્રવ્ય પર દૃષ્ટિ કરવી તે જ કરવાનું છે. તેના ઉપર દૃષ્ટિ કરવાથી, વારંવાર તે તરફનો અભ્યાસ કરવાથી અને ભેદજ્ઞાનની ધારા પ્રગટ કરવાથી, વિકલ્પથી ખસીને જે નિર્વિકલ્પ સ્વાનુભૂતિ પ્રગટ થાય છે તે મુક્તિનો મારગ છે એમ ગુરુદેવે બતાવ્યું છે. ૭૯.

卐 આપણને તો આ ભવિષ્યના ભગવાન મળી ગયા 卐

* જગતમાં તીર્થંકર ભગવાન સર્વોત્તમ વિભૂતિ છે. આપણને તો આ ભવિષ્યના તીર્થંકર ભગવાન મળી ગયા; વર્તમાન ભગવાનની જેમ જ તેમની વાણીના શ્રવણનું સૌભાગ્ય મળ્યું. ગુરુદેવે વર્ષો સુધી વાણી વરસાવી. આ ભરતક્ષેત્રમાં દિવ્યધ્વનિની જેમ જ ગુરુદેવની ધ્વનિ ગાજતી હતી તેના શ્રવણ જેવું બીજું સૌભાગ્ય કયું? ગુરુદેવે બધાને દ્રવ્યદૃષ્ટિનો અર્થાત્ શુદ્ધાત્મદ્રવ્ય તરફ ઝુકવાનો ઉપદેશ આપ્યો. તું પણ આ તરફ ઝૂકી જા; નિધાન તારી પાસે જ છે, કયાંય ગોતવા જવું પડે એમ નથી. ૮૦.

卐 ગુરુદેવનું દ્રવ્ય જ અલૌકિક હતું 卐

* ગુરુદેવનું દ્રવ્ય જ અલૌકિક હતું. તેમની વાણી પણ અલૌકિક

હતી કે અંદર આત્માની રુચિ જગાડે. તેમની વાણીનાં ઊંડાણ ને રણકાર કંઈક જુદા જ હતાં. વાણી સાંભળતાં અપૂર્વતા લાગે ને 'જડ–ચૈતન્ય જુદાં છે' તેવો ભાસ થઈ જાય એવી વાણી હતી. 'અરે જીવો! તમે દેહમાં બિરાજમાન ભગવાન આત્મા છો કે જે અનંત ગુણોનો મહાસાગર છે, મન–વચન–કાયાથી જુદો છે અને વિભાવથી પણ પેલે પાર છે તે પ્રત્યક્ષ અનુભવગોચર ભગવાનને તમે અનુભવો; તમને પરમાનંદ થશે.' —આવી ગુરુદેવની અનુભવયુક્ત જોરદાર વાણી શ્રોતાઓને આશ્ચર્યચકિત કરતી. ઘણી પ્રબળ વાણી! સંસારના ઝેર ઉતારી નાખે; વિષય–કષાયને પાતળો કરી નાખે; પાપનો રસ તો નીતરી જ જાય, પરંતુ પુણ્યનો રસ પણ ન રહે; શુદ્ધ પરિણતિની અને શુદ્ધ જ્ઞાયક આત્માની લગની લગાડે એવી મંગળમય વાણી ગુરુદેવની હતી. ૮૧.

## ....એવો ભ્રમ ન કરશો

રાગાદિ ચિદ્‌વિકારોને દેખીને એવો ભ્રમ ન કરવો કે રાગાદિ પણ ચૈતન્ય જ છે. બીજી રીતે કહીયે તો નિશ્ચય-વાળાને જ્યાં વ્યવહાર સાધન કહ્યો છે, ત્યાં વ્યવહાર સાધન ન સમજવો. જ્ઞાનસ્વભાવી આત્માથી વિરુદ્ધ લક્ષણવાળા રાગને ચૈતન્ય સાથે દેખીને તેને સાધન ન સમજો. જેને નિશ્ચય-મોક્ષમાર્ગ પ્રગટ્યો છે તેને વ્યવહાર સાથે હોય છે તેથી સહચર દેખીને ઉપચારથી તેમાં સાધનનું આરોપણ કર્યું છે. પરંતુ વ્યવહાર-મોક્ષમાર્ગ પ્રશસ્તરાગ છે અને તે આત્માના સ્વભાવથી વિરુદ્ધ લક્ષણવાળો છે તેથી વ્યવહાર-મોક્ષમાર્ગ સાધન કેમ હોય?—ન જ હોય.

—પૂજ્ય ગુરુદેવ

[ તા. ૭-૮-૯૪ ]

## સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે.

પ્રાતઃ પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ
પ્રાતઃ જિનેન્દ્ર-દર્શન-પૂજા
સવારે ૮-૧૫ થી ૯-૧૫ : શ્રી પંચાસ્તિકાય પર પૂજ્ય ગુરુદેવશ્રીનું આધ્યાત્મિક ટેપ-પ્રવચન
સવારે ૯-૩૦ થી ૧૦-૩૦ : પુરુષો માટે શિક્ષણવર્ગ
બપોરે ૩-૩૦ થી ૪-૩૦ : શ્રી પ્રવચનસાર ઉપર બ્ર. શ્રી ચંદુભાઈ દ્વારા શાસ્ત્રવાંચન
બપોરે પ્રવચન બાદ : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ
બપોરે ૪-૪૦ થી ૫-૦૦ : જિનેન્દ્રભક્તિ
સાંજે ૫-૦૦ થી ૬-૦૦ : શિક્ષણવર્ગ
સાંજે ૮-૦૦ થી ૯-૦૦ : પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર આધ્યાત્મિક ટેપ-પ્રવચન

* અષાઢ માસની નંદીશ્વર અષ્ટાહ્નિકામાં કાયમી મંડલવિધાનપૂજા (૧) શ્રી જશવંતરાય વાલજીભાઈ મહેતા, ગૌહાટી (૨) શ્રી જયેશભાઈ દોલતભાઈ મહેતા, જામનગરના સ્મરણાર્થે (૩) શ્રી વ્રજલાલ મગનલાલ મહેતા, સોનગઢ, હસ્તે નીરૂબેન —તરફથી તથા

પ્રાસંગિક મંડલવિધાનપૂજા (૧) શ્રી પુષ્પાબેન વ્રજલાલ, કેનેડા, હસ્તે શ્રી હસમુખભાઈ પારેખ (૨) નર્મદાબેન ઠાકરશી બોટાદરા, વીંછીયા

—તરફથી રાખવામાં આવી હતી.

* પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૮૧મી મંગલમય જન્મજયંતી અધ્યાત્મસાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં સુરેન્દ્રનગરનિવાસી શ્રી રસિકલાલ જગજીવનદાસ શાહ-પરિવાર, હા. શ્રીમતી પુષ્પાબેન રસિકલાલ શાહ દ્વારા તા. ૧૯-૮-૯૪, શુક્રવારથી તા. ૨૩-૮-૯૪, મંગળવાર—પાંચ દિવસ સુધી અતિ હર્ષોલ્લાસપૂર્વક ઉજવવામાં આવશે.

તે આનંદકારી મંગલ અવસરની કુમકુમ નિમંત્રણપત્રિકાની લેખન-વિધિ તા. ૨૪-૭-૯૪ રવિવારના રોજ રાખવામાં આવી હતી. આ મંગલ અવસરે સુરેન્દ્રનગર, વઢવાણ, જોરાવનગર, રાજકોટ, ભાવનગર, જામનગર આદિ અનેક ગામોથી શતાધિક મુમુક્ષુ મહેમાનો પધાર્યા હતા. લેખનવિધિની ખુશાલીમાં રૂા. ૪૧,૭૮૧/— ભિન્ન ભિન્ન ખાતા માટે મુમુક્ષુઓ તરફથી જાહેર થયા હતા.

## * ધાર્મિક શિક્ષણ વર્ગ *

* તા. ૪-૮-૯૮ થી શરૂ થયેલ વીસ દિવસ માટેનો ધાર્મિક શિક્ષણવર્ગ સારી રીતે ચાલી રહ્યો છે. આ શિક્ષણ શિબિરનો લાભ લેવા ગામેગામથી શિક્ષણાર્થીઓ આવી રહ્યા છે. ઉત્તમવર્ગ બ્ર. શ્રી ચંદુલાલભાઈ ઝોબાલિયા તથા મધ્યમવર્ગ બ્ર. શ્રી વ્રજલાલભાઈ, વઢવાણ ચલાવી રહ્યા છે.

## * દશલક્ષણ-પર્યુષણપર્વ *

સનાતન આરાધનાપર્વ શ્રી દશલક્ષણ-પર્યુષણ ભાદરવા સુદ ૪ શુક્રવાર તા. ૯-૯-૯૪ થી ભાદરવા સુદ ૧૪, રવિવાર તા. ૧૮-૯-૯૪—દસ દિવસ તથા રત્નત્રયપર્વ તા. ૧૭ થી ૧૯ અને ક્ષમાવણીપર્વ તા. ૨૦-૯-૯૪, મંગળવારના રોજ પૂજાભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઉજવવામાં આવશે.

## 卐 દશલક્ષણ—પર્યુષણપર્વ માટે પ્રવચનકાર 卐

જે મહાવીર કુંદકુંદકહાન શુદ્ધ અધ્યાત્મામ્નાયાનુયાયી દિગંબર જૈન મુમુક્ષુમંડળોને દશલક્ષણપર્યુષણપર્વ માટે સોનગઢથી પ્રવચનકાર વિદ્વાનને બોલાવવાની ઇચ્છા હોય તે તુરત પોતાના મંડળના અધ્યક્ષ કે મંત્રી દ્વારા શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢની પ્રચારસમિતિને લખીને જાણ કરે. સુવિધા અનુસાર પ્રવચનકાર વિદ્વાન મોકલવામાં આવશે.

સુરેન્દ્રનગરનિવાસી શ્રી રસિકલાલ જગજીવનદાસ શાહ–પરિવાર દ્વારા

કહાનગુરુ-અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીમાં ઉજવવામાં આવશે

# ૮૧મો બહેનશ્રી–ચંપાબહેન–જન્મોત્સવ

[ તા. ૧૯-૮-૯૪ થી ૨૩-૮-૯૪ ]

અત્યંત હર્ષોલ્લાસ સહિત જણાવવાનું કે—

ક્રમબદ્ધ જેવા અતિ માર્મિક સિદ્ધાંતના હાર્દ પ્રકાશક, નિશ્ચય-વ્યવહાર અને ઉપાદાન–નિમિત્તનું સ્વરૂપ સમજાવનાર, પુરુષાર્થની પ્રેરણામૂર્તિ, અધ્યાત્મયુગપ્રવર્તક, પૂજ્ય ગુરુદેવશ્રીનાં ઉપકાર–મહિમાનું જીવનભર સ્મરણ કરનાર અને સ્મરણ કરાવનાર ભક્તશિરોમણિ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૮૧મી મંગલ જન્મજયંતી ( શ્રાવણ વદ બીજ ) સુરેન્દ્રનગર નિવાસી શ્રી રસિકલાલ જગજીવનદાસ શાહ ( હસ્તે શ્રીમતી પુષ્પાબેન રસિકલાલ શાહ ) તરફથી ભક્તિભાવપૂર્વક અતિ આનંદોલ્લાસ સહ સુવર્ણપુરીમાં ઉજવવામાં આવશે. જન્મજયંતીનો આ મંગલ મહોત્સવ શુક્રવાર, તા. ૧૯–૮–૯૪થી શ્રાવણ વદ બીજ, મંગળવાર તા. ૨૩–૮–૯૪—પાંચ દિવસ સુધી 'શ્રી ચોંસઠઋદ્ધિ મંડલ વિધાન પૂજા', પૂજ્ય ગુરુદેવશ્રીનાં અધ્યાત્મરસપૂર્ણ ટેપ–પ્રવચન, બહેનશ્રીની વિડિયો ધર્મચર્ચા, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહ દ્વારા પૂજાભક્તિ, યાત્રાની વિડિયો દ્વારા કહાનગુરુદર્શન તેમ જ અન્ય આહ્લાદકારી રોચક કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવશે.

પૂજ્ય બહેનશ્રીના આ મંગલમય જન્મોત્સવનો અનુપમ લાભ લેવા પધારવા મુમુક્ષુસમાજને શ્રી રસિકલાલ જે. શાહ તરફથી હાર્દિક નિમંત્રણ છે. સમાગત મહેમાનો માટે આવાસ-ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

—શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ

[ આ મંગલકારી જન્મોત્સવનો લાભ લેવા ગામોગામથી મુમુક્ષુ મહેમાનો આવવા લાગ્યા છે. ]

## 卐 આ આત્મા એ જ જિનવર છે 卐

આ આત્મા એ જ જિનવર છે, અનાદિકાળથી જિનવર છે. આહાહા! અનંતા કેવળજ્ઞાનની વેલડી છે. પોતાનો આત્મા જ અમૃતનો કુંભ છે, અમૃતની વેલડી છે, એના પર એકાગ્ર થવાથી પર્યાયમાં જિનવરના દર્શન થાય છે, પરમાત્મા પ્રગટ થાય છે, તેને સમ્યગ્દર્શન કહે છે.

—સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪૨૫૦

If undelivered please return to :–
Shree Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH–364 250 ( INDIA )

Licence No. 21 'Licensed to
Post without prepayment'

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૨૦૧/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૧૮/–
[ વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે
વાર્ષિક રૂા. ૧૬૮/– પોસ્ટેજના અલગ ]

A ૧૪૨૬ શ્રી ધીરજલાલ પી. દેસાઈ પ્રોફેસર
લોકભારતી, પી. એડ. કોલેજ,
વાયા—સોનગઢ સણોસરા—૩૬૪૨૩૦ (સૌ.)